**સુવિચાર**

જો તમે લોકપ્રિય થવા માગતા હોય તો તમારે સહાનુભૂતિ તથા નમ્રતાપૂર્વક વ્યવહાર કરવો જોઈએ.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૦૮/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ શ્રાવણ સુદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૨૧૮

## રાજકીય આગેવાનો નિષ્ક્રીય હોય વિદ્યાર્થીઓએ સ્વયંભુ જાગૃત્તિ અભિયાન શરૂ કર્યુ

# અમરેલીમાં સરકારી યુનિવર્સિટીની માંગ સાથે સહી ઝૂંબેશ શરૂ

**સૌરાષ્ટ્રનાં લગભગ દરેક જિલ્લામાં એક યુનિવર્સિટી પણ અમરેલીને તેમાં પણ રાબેતા મુજબ અન્યાય**

**યુનિવર્સિટી બને તો માસ્ટર ડીગ્રીની ઈચ્છા ધરાવનાર વિદ્યાર્થીઓને સ્થાનિક કક્ષાએ લાભ મળી શકે**

**યુપીએસસી કે જીપીએસસી સહિતની પરીક્ષા માટે પણ જરૂરી માર્ગદર્શન મળી શકે**

**કોંગ્રેસ પક્ષની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈ દ્વારા અમરેલીની કોલેજમાં સહી ઝૂંબેશ હાથ ધરાઈ**



અમરેલી, તા. ૨૮
અમરેલી જિલ્લાનાં રાજકીય આગેવાનોની નિષ્ક્રીયતા અને અણઆવડતનાં કારણે જિલ્લાને દરેક ક્ષેત્રે અન્યાય થઈ રહ્યો છે. બ્રોડગેજ રેલ્વે, નેશનલ હાઈવે, ઉદ્યોગો, સિંચાઈનું પાણી, બિસ્માર માર્ગો

અનુસંધાન પાના ૬ ઉપર

## ના.પો.અ. હરેશ વોરાનાં માર્ગદર્શનતળે સ્થાનિક પોલીસની કામગીરી

# ધારી પો.સ્ટે.માં નોંધાયેલ લેન્ડ ગ્રેબીંગનાં ગુન્હાનાં 3 આરોપીની અટકાયત કરાઈ

**હિમખીમડીપરા અને જેતપુર ખાતેથી આરોપીની અટકાયત**



અમરેલી, તા. ૨૮
ધારી પો.ઈન્સ. એ.એમ. દેસાઈની રાહબરી હેઠળ તથા પો.સબ.ઈન્સ. એચ.જી. મારૂનાં માર્ગદર્શન હેઠળ ધારી પો.સ્ટેની સર્વેલન્સ ટીમે ધ ગુજરાત લેન્ડ ગ્રેબીંગ (પ્રોહિબીશન) એક્ટ ૨૦૨૦ની કલમ ૪(૩), ૫(ગ) મુજબ ગુન્હો આચરી આરોપીઓ પોતાને કાયદેસરની

અનુસંધાન પાના ૬ ઉપર

## અનેક વ્યક્તિઓએ તેમની અમૂલ્ય આંખ ગુમાવી દીધી છતાં સંવેદનાનો અભાવ

# હે રામ : અમરેલીની સિવિલ હોસ્પિટલમાં અંધાપાકાંડનો ભોગ બનનારને સરકારી આદેશ છતાં વળતર ચુકવાતું નથી

**આજે પીડિતો અર્ધનગ્ન હાલતમાં હોસ્પિટલમાં દેખાવો કરશે**

અમરેલી, તા. ૨૮
અમરેલીની શાંતાબા મેડિકલ અને જનરલ હોસ્પિટલમાં ગત નવેમ્બર મહિનામાં આંખનાં મોતીયાનું ઓપરેશન કરાવનાર ૧૦ થી ૧૨ વ્યક્તિઓને આંખમાં નુકસાની આવ્યાની ફરિયાદ બાદ રાજયનાં આરોગ્ય મંત્રીએ તમામ પીડિતોને રૂપિયા ૨ લાખથી ૧૦

અનુસંધાન પાના ૬ ઉપર

## સરકારી સમારંભોમાં કરોડોનો ખર્ચ ને કર્મચારીને પગાર દેવાનાં ફાંફા

# અમરેલી અને સાવરકુંડલાનાં ''જનસેવા'' કેન્દ્રનાં કર્મચારીઓને ૬ મહિનાથી પગાર ન મળતા હડતાલ

**જનતા જનાર્દનનાં રોજબરોજનાં કાર્યોમાં વિક્ષેપ ઉભો થયો**



અમરેલી, તા. ૨૮
હાલમાં તમામ સરકારી ઓફિસમાં કાયમી કર્મચારીની તંગી હોય જેથી સરકારી ઓફિસમાં માત્ર કોન્ટ્રાકટર બેઈઝ કર્મચારીઓ જ કામ કરી રહ્યા છે. ત્યારે અમરેલી ખાતે આવેલ જિલ્લા કલેકટર કચેરીનાં ભોંયતળીયે ચાલતા જનસેવા વિભાગનાં કર્મીઓ આજે હડતાલ ઉપર ઉતરી જતાં સરકારની એટીવીટીની ચાલતી તમામ કામગીરી ઠપ્પ થઈ જવા પામેલ છે. હડતાલ ઉપર ગયેલા

અનુસંધાન પાના ૬ ઉપર




Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

આકર્ષક પગારથી તાત્કાલીક જોઈએ છે
મેડિકલ ઓફીસર
RESUME સાથે નીચેના સરનામા પર રૂબરૂ સંપર્ક કરવો
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી.
મો.નં. ૯૯૭૮૯ ૬૬૬૨૯/૦૨૭૯૨ - ૨૨૩૩૧૬

# હડમતીયાનાં સ્મશાનમા ચોરી કરનાર ત્રણ ઈસમોને ડુંગર પોલીસે ઝડપી લીધા



અમરેલી, તા. ૨૮

રાજુલા તાલુકાનાં હડમતીયા ગામનાં સ્મશાનનામાં અંતીમ સંસ્કાર માટે લગાવેલા ઈલેકટ્રીક સગડીની સાઈડની વાડ એકબાજુની છ તથા બીજી બાજુની એક લોખંડની બીડની પ્લેટ મળી કુલ સાત લોખંડની બીડની પ્લેટ જેનું આશરે વજન ૫૦ કોલોગ્રામ જેની કીમત રૂપિયા ૧૫૦૦ ની ગત તા.૨૫ ના રોજ બપોર બાદ આશરે ચારેક વાગ્યાથી તા.૨૭ ના રોજ સવારનાં આઠ વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરીયાદ ડુંગર પોલીસ સ્ટેશન નોંધાયેલ હતી.

જે અન્વયે પોલીસ સબ ઈન્સ.આર.એચ.રતનનાં તથા રાહબરી હેઠળ ઉપરોકત ગુનાનાં અજાણ્યા આરોપી અંગે તપાસ કરવા ડુંગર પોલીસ ટીમ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હડમતીયા ગામનાં આરોપી હરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ તથા રાજુલા ગામે રહેતા રાહુલભાઈ ધનજીભાઈ ચૌહાણ તથા શીવાભાઈ ઉર્ફે શીવરાજભાઈ જીવરાજભાઈ બેરડીયા કેફી પીણું પીધેલ હાલતમાં મળી આવેલ હોય ઝડપાયેલા ત્રણ ઈસમોની યુકીત પ્રયુકીતથી પુછપરછ કરતા તેઓએ હડમતીયા ગામનાં સ્મશાનમાં ચોરી કર્યા અંગેની કબુલતા આપતા હોય અને તેની પાસેથી લોખંડના નાના મોટા ટુકડા ૫૦ કિલ્લો રૂપિયા ૧૫૦૦ તથા એક લોખંડની હથોડી તથા એક ભાર રીક્ષા વાહન મળી કુલ રૂપિયા ૩૬૫૬૦ નો મુદામાલ કબજે લીધેલ છે.

# જાફરાબાદ ખાતે જેટી ઉપરથી છકડો રિક્ષાનાં ચાલકે કાબુ ગુમાવ્યો



જાફરાબાદ, તા. ૨૮

જાફરાબાદ બંદરની જેટી ઉપર એક માચ્છીમાર ભાઈ જેમનું નામ છે ચેતનભાઈ ભગુભાઈ બારૈયાએ છકડો રીક્ષાનું કાબુ ગુમાવતા તેઓ સીધા જ છકડો રીક્ષા સાથે જેટીની નીચે પડી ગયા હતા અને તેથી તેઓને માથાનાં ભાગ ઉપર ખૂબ મોટી ઈજા પહોંચી હતી અને તેથી તેઓને બહાર કાઢી અને તાત્કાલિક સારવાર માટે જાફરાબાદ સિવિલ હોસ્પિટલે લઈ જવામાં આવ્યા હતા અને ત્યાં તેઓએ સારવાર લીધી હતી અને માથાના ભાગે ૬ ટાકા લઈ અને તેઓને વધુ તાત્કાલિક સારવાર અર્થે મહુવા હનુમંત હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા અને આવી ઘટનાઓ અવારનવાર બનતી હોય પરંતુ જવાબદાર અધિકારીઓ દ્વારા થતા અકસ્માત અટકાવવાના કોઈ અસરકારક પગલાં ભરવામાં આવતા નથી તો શું કોઈ ગંભીર અકસ્માત થાય તેની જવાબદાર અધિકારીઓ રાહ જોઈ રહ્યા છે? અવારનવાર આવી દુર્ઘટનાઓ બની છે. પરંતુ જવાબદાર અધિકારીઓ નું પેટનું પાણી પણ હલતું નથી અનેક વખત સ્થાનિક માછીમારો દ્વારા સંબંધિત અધિકારીઓનું ધ્યાન દોર્યુ હોય તેવી માચ્છીમારોમાં ચર્ચાઓ આ બાબતે જાગૃત નાગરિક દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. આવતા દિવસોમાં આવી કોઈ દૂર્ઘટના ના બને એના માટે જેટી ઉપર એક બોર્ડર મારવામાં આવે તેવું સ્થાનિક માચ્છીમારો દ્વારા તેમજ જાગૃત લોકોમાં ચર્ચાઓ જાગી છે જેથી કરીને આવી ઘટનાઓ ફરી ન બને તે પહેલા તાત્કાલિક ધોરણે જેટી ઉપર બોડર મારવામાં આવે જેથી કરીને કોઈ દૂઘટનાઓ ના ઘટે અને કોઈ ગંભીર પ્રકારનો અકસ્માતના થાય તે પહેલાં બોર્ડર મારવામાં આવે તેવી સ્થાનિક માચ્છીમારોની માંગ છે.

### બેફામ ગતિએ વાહન ચલાવી અકસ્માત સર્જાર્યા બાદ

# સાવરકુંડલા–ખોડીયાણા–ખાંભા માર્ગ ઉપર ૨ વ્યકિતઓનાં મોત નિપજાવી નાશી છુટનાર આરોપીની અટકાયત

### સાવરકુંડલા તાલુકા પોલીસ દ્વારા આરોપીની અટકાયત કરાઈ



અમરેલી, તા. ૨૮

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના ખોડીયાણા ગામથી ખાંભા જવાનાં રસ્તે રોડ ઉપર વાહન અકસ્માતનો ગુન્હા કરી બે વ્યકિતના મોત નિપજાવી નાશી જનાર આરોપીને વાહન સાથે પકડી પાડતી સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ.

આ બનાવની વિગત એવી છે કે ગત તા.૨૬ના રાત્રીનાં દરમ્યાન ખોડીયાણાની ખાંભા જવાનાં રોડ ઉપર અજાણ્યા વાહન ચાલકે એક ડબલ સવારી બાઈકને હડફેટે લેતાં બાલુભાઈ કરશનભાઈ સરવૈયા (રહે.સોનારીયા) તથા તેની સાથે મરણજનાર વિનુભાઈ માધાભાઈ વાળા (રહે.કુંડલીયાળા) વાળાનું કોઈ અજાણ્યા વાહન ચાલકે મોત નીપજાવી આરોપી નાસી જઈ ગુન્હો કરેલ હોય હોય, આ કામે સદરહું બનવાનો ભેદ વાહનના નંબર મેળવી ઈ–ગુજકોપમાં વાહન નંબર સર્ચ કરી વાહન માલીકનો સંપર્ક કરી સદરહું ગુન્હાનાં આરોપી પ્રતાપભાઈ બાવકુભાઈ મકવાણા–રહે. બીલખા(જી.જુનાગઢ) વાળાને ગણતરીની કલાકોમાં શોધી કાઢવામાં આવેલ છે.

# ઉનામાં જાહેર માર્ગ પર માલ–સામાનનો ખડકલો કરનાર દુકાન ધારક સામે કાર્યવાહી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૮

ઉના પોલીસ મંથકની સામેનાં ભાગે આવેલ દુકાન ધારકે ૫૫ નંગ જેટલા પ્લાસ્ટિકનાં પાઈપો દુકાનની બહારનાં ભાગે રાખી વાહન ચાલકો તેમજ રાહધારીઓને નડતરરૂપ કરતો હોય જે અંગેની જાણ પોલીસને થતાં દુકાનદાર વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઉના પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન સવારનાં સમયે પોલીસ સ્ટેશન પાસે આવેલા કેવી સ્કુલની સામેનાં ભાગે શ્રી ખેતી વિકાસ ભંડાર નામની દુકાનદારે પોતાની દુકાનની બહારનાં ભાગે જાહેર રોડ પર અંદાજિત ૫૫ નંગ પીવીસી પાઈપોના ઢગલા રાખી ટ્રાફિક તેમજ રાહદારીઓને નડતર રૂપ થતા શ્રી ખેતી વિકાસ ભંડાર નામની દુકાનદાર મયુર ભરતભાઈ છગ રહે ઉના વાળાઓ વિરૂદ્ધ ઉના પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# સા.કુંડલાનાં કોંગ્રેસનાં લઘુમતી આગેવાનો પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલની મુલાકાતે



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા શહેર કોંગ્રેસ લઘુમતી સેલનાં પ્રમુખ રૂસ્તમ સમાની આગેવાનીમાં શહેર કોંગ્રેસ લઘુમતી સેલના આગેવાનોએ આજરોજ ગુજરાત પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલની મુલાકાત લીધી હતી. વર્તમાન રાજકીય પરિસ્થિતિ અને સંગઠનલક્ષી ચર્ચાઓ કરી હતી. તેમની આ મુલાકાત સમયે ગુજરાત પ્રદેશ લઘુમતી સેલના મહામંત્રી ઈકબાલ ગોરી અમરેલી જિલ્લા પ્રમુખ રસુલભાઈ કુરેશી ખાસ ઉપસ્થિતિ રહ્યાં હતા તેમજ કોંગ્રેસ સેવા દળનાં શહેર પ્રમુખ ઈમરાનભાઈ જાદવ લઘુમતી સેલનાં ઉપપ્રમુખ નજીરભાઈ રાવમા, મહામંત્રી દિલાવર પરમાર, સંગઠન મંત્રી અફઝલ કાદરી સહિતનાં કાર્યકર્તાઓએ શુભેચ્છા મુલાકાત કરી હતી.

### છેલ્લા ૭ વર્ષથી કોઈને કોઈ આફત જ જોવા મળે છે

# કાળઝાળ મોંઘવારી અને ભીષણ બેરોજગારી વચ્ચે વરસાદ ખેંચાતા સૌ કોઈમાં ચિંતા પ્રસરી

### ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને રાહત મળવી જરૂરી

સાવરકુંડલા, તા. ૨૮

મોંઘવારીના ફુંફાડામાં આમ જનતા પરેશાન. હજુ ટમેટાના ભાવ કાબુમાં આવ્યાં ત્યાં કઠોળના ભાવમાં વધારો થતાં રોજીંદા જીવન જરૂરિયાત માટે લોકોને મોંઘવારીનો માર સહન કરવો પડે છે. એક તો વરસાદ ખેંચાતા ખેડૂતો પણ પરેશાન છે અને હવે વહેલાસર એક સારા વરસાદની જરૂરિયાત ખેતી માટે ખૂબ જરૂરી છે. એવામાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં ભાવ વધારાને કારણે ગૃહિણીઓના રસોડાનું બજેટ ખોરવાઈ ગયું છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને આવક અને રોજગારીમાં મોંઘવારીના પ્રમાણમાં વધારો નથી થયો અને મોંઘવારીનો ભસ્માસૂર દિનપ્રતિદિન આમ જનતાનું જીવન દોહ્યલું કરતો જોવા મળે છે. આ ભાવ વધારાના વિષચક્રને નાથવા માટે સરકારે કોઈ ઠોસ પગલાં લેવા જોઈએ તેવું આમ જનતા ઈચ્છે છે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી



અમરેલી, તા. ૨૮

સંસ્કાર અને શિક્ષણ માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ધો.૧ થી ૧૨નાં વિદ્યાર્થીઓને બહેનો દ્વારા રક્ષા(રાખડી) બાંધી અને પરસ્પર શુભેચ્છા અને આશિર્વાદ મેળવ્યા હતા.

ભાઈ બહેનનાં પ્રેમનું પ્રતિક આ રક્ષાબંધન પ્રસ્રુંગે સંસ્થાનાં સંચાલક દીપકભાઈ વઘાસિયા વિલાસદીદી તેમજ લોકસાહિત્યકાર પૂર્વ આચાર્ય ગુણવંતભાઈ જોશીએ પ્રાસંગિક પ્રવચન કરી રક્ષાબંધન પર્વનું મહત્વ સમજાવ્યું હતું.

ઉપરાંત સમગ્ર પ્રાથમિક તથા માધ્યમિક સ્ટાફનાં શિક્ષક ભાઈઓ, બહેનોએ ઉપસ્થિત રહી રક્ષાબંધનની હોંશભેર ઉજવણી કરી.

# સાવરકુંડલામાં શ્રાવણ માસનાં સોમવારે શિવ મંદિરોમાં ભકતોની ભીડ



સા.કુંડલા,તા.૨૮

પવિત્ર શ્રાવણ માસનાં બીજા સોમવારે સાવરકુંડલાના શિવ મંદિરોમાં દર્શનાર્થે ભકતોની મોટી ભીડ જોવા મળી હતી. શ્રાવણ માસનો બીજો સોમવાર હોય દરેક શિવ મંદિરમા પણ ભગવાન ભોળાનાથ ને અવનવા શણગારથી સજાવવામાં આવ્યા હતા. અહીં મણીભાઈ ચોકમાં આવેલા હાટકેશ્વર મહાદેવ મંદિરે મહાકાલ મહાદેવનાં અને નાવલી બજારમાં આવેલા સુપ્રસિધ્ધ રિદ્ધિ સિદ્ધિ નાથ મહાદેવ મંદિરે આજે ભોળાનાથને બરફાની બાબા અમરનાથ મહાદેવનાં શણગાર કરવામાં આવ્યા હતા. અને દર્શનાર્થે ખુલ્લા મુકવામાં આવતા શહેરમાંથી મોટી સંખ્યામાં દર્શનાર્થી ભાઈ,બહેનોએ ભગવાન ભોળાનાથના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

### ટ્રાફિકથી ધમધમતા વિસ્તારાં આગથી અફડાતફડી

# બાબરાનાં નાગરિક બેન્ક ચોકમાં આવેલ સાઈકલ સ્ટોરમાં આકસ્મિક રીતે આગ લાગી

### દુકાનની અંદર રહેલ ટાયર–ટયુબ બળીને રસ થઈ ગયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

બાબરામાં નાગરિક બેન્ક ચોકમાં ચંદન સાયલક સ્ટોર ધરાવતા લાલભાઈ છાંટબાર તેમજ પપ્પુભાઈ છાંટબારની દુકાનમાં વ્હેલી સવારે સાત વાગ્યાની આસપાસ વિજશોકના કારણે આગ લાગતા ભારે દોડધામ મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે થોડીવાર આખી દુકાન આગની લપેટમાં લઈ લીધી હતી. ચંદન સાયકલ સ્ટોરની આગ અહીં બાજુમાં આવેલ જવાહર સાયકલ સ્ટોરને પણ લપેટમાં લેતા જો કે અહીં સામાન્ય નુકસાન થયું હતું પણ ચંદન સાયકલ સ્ટોર આખી બળીને ખાખ થઈ હતી.

અહીં આગની લપેટમાં બાજુમાં આવેલ વીજપોલ તેમજ વીજ વાયર પણ આવી જતા વીજ તીખારા નીચે પડી રહ્યા હતા. તાત્કાલિક અસરથી પીજીવીસીએલ દ્વારા પાવર બંધ કરવામાં આવ્યો હતો.

અહીં આગને કાબુમાં લેવા પ્રથમ પાણીની રીક્ષા બોલાવવામાં આવી હતી જેમાં સ્થાનિક લોકો તેમજ પોલીસના જમાદાર કેતનભાઈ રાઠોડ સહિતના લોકો એ પાણીનો મારો ચલાવ્યો હતો. નગરપાલિકાને જાણ કરવામાં આવતા તાત્કાલિક અસરથી કારોબારી સમિતિના ચેરમેન ભુપતભાઈ બસિયા ફાયર ફાયટર સાથે દોડી આવ્યા હતા અને આગને કાબુમાં લેવામાં આવી હતી. જોકે આગ અતિ વિકરાળ હોવાથી દુકાનમાં રાખવામાં આવેલ નવા ટાયર તેમજ ટયુબ સહિત અન્ય ચીજ વસ્તુઓ બળીને ખાખ થઈ જતા દુકાનદારને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો.

# અમરેલી ખાતે ''રાખી વિથ ખાખી'' પ્રોજેકટ અંતર્ગત રોટરેકટ કલબ ગીર દ્વારા પોલીસ અધિકારીઓને રક્ષાબંધન



અમરેલી ખાતે ''રાખી વિથ ખાખી'' પ્રોજેકટ અંતર્ગત રોટરેકટ કલબ ઓફ અમરેલી ગીર દ્વારા પોલીસ પ્રશાસનનાં અધિકારીઓને રાખડી બાંધી રક્ષાબંધનનાં ખાસ પર્વને અનેરી રીતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં પોલીસ વિભાગનાં અધિકારીઓ પી.આઈ. ગઢવી, સીટી પોલીસ પોલીસ સ્ટેશનનાં પી.આઈ. વાઘેલા, તાલુકા પોલીસ સ્ટેશનનાં અધિકારી ગૌરવ અગ્રવાલ, ટ્રાફિક પી.આઈ. ગોહિલ, ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ. પટેલ અને તેમના સ્ટાફ સાથે રાખડી બાંધી એમની સુરક્ષા માટે પ્રાર્થના કરી હતી. જેમાં રોટરેકટ કલબ ઓફ અમરેલી ગીરનાં પ્રમુખ આકાશ એચ. જોષી, મહામંત્રી પ્રિયંક પંડયા, તથા સભ્યો ધવલ વડેરા, કેલ્વિન વીરડા, કુંજન ધારૈયા, માનસી વડેરા, વર્ષા કુંભાર, યશ મીરાણી, વિવેક ઠાકર, ધ્રુવ જોષી, જીગીશું મહેતા હાજર રહ્યાં હતા.

## લાઠી, લીલીયા અને સાવરકુંડલાનાં તાલુકા શિક્ષણાધિકારી દ્વારા

# સાવરકુંડલામાં વિવાદનું કેન્દ્ર બનેલ ત્રણ શાળાની તપાસ શરૂ

**પ્રાથમિક તપાસમાં અનેક ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી**

**વર્ષોથી નિયમોનો ઉલાળીયો કરીને ચાલતી શાળા સામે અત્યાર સુધી શિક્ષણ વિભાગ કેમ કાંઈ કરતો ન હતો**

**શિક્ષણ જેવા પવિત્ર કાર્યમાં પણ દે ધનાધન ચાલતી હોય સભ્ય સમાજ માટે શરમજનક ઘટના**

**જિલ્લાની તમામ ખાનગી શાળાઓમાં વ્યાપક ગેરરીતિ હોવાની આશંકા હોય તપાસ કરવી જરૂરી બની**








મનિષા ઈંગ્લિશ સ્કૂલ

આ આખી શાળા છે...!!


રાજ પ્રાથમિક શાળા નાં વિદ્યાર્થીઓ આ શાળામાં બેસે છે.


રાજ એકેડમી પ્રાથમિક શાળાના સ્થળે શોપિંગ સેન્ટર






**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**
સાવરકુંડલા, તા. ૨૮

લાઠી–લીલીયા અને કુંડલાના તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની બનેલી કમિટીએ જાતે સ્થળ તપાસ કરતા કોઈ દિવસ કલ્પના પણ ન આવે એવી અનિયમિતતાઓ જોવા મળી. સાવરકુંડલાની ત્રણ શાળ ામાં શિક્ષણના નામે ધતિંગ ચાલતું હોય એવું બહાર આવ્યું છે. માત્ર આંગળીના વેઢે ગણી શકાય એટલા વિદ્યાર્થીઓ સાથે રહેણાંકના પોતાના મકાનની સાથે વિદ્યાર્થીઓને પણ ત્યાંને ત્યાં જ અભ્યાસ કરાવે. એક રૂમમાં બેડરૂમ, તેની બાજુના રૂમમાં રસોડું અને ત્રીજા રૂમમાં આખી શાળા કમાલ છે ને..!

તમે કયારેય આવું સાંભળ્યું છે કે કલ્પના પણ કરી છે..!!

હવે આ જે ત્રણ સ્કૂલો છે તેમાં એક રાજ એકેડમી પ્રાથમિક શાળા જેનું માન્યતા પ્રમાણપત્ર પ્રમાણે સરનામું મણીનગર, સાધના સોસાયટી બોલે છે, ખરેખર આ કમિટીએ જે તે સ્થળે તપાસ કરતા ત્યાં શોપિંગ સેન્ટર ઉભું છે અને શાળાના સ્થળ બાબતે તપાસ કરતા શાળાના બાળકો આહિર બોર્ડિંગ અને આરોગ્ય ભવન નામના મકાનમાં બેસેલા જોયા. હવે નિયમ પ્રમાણે સ્થળફેરની મંજૂરી લેવી પડે કહેવાતા સંચાલક ફારૂકભાઈ ભટ્ટીએ એક નિવેદનમાં એવું જણાવેલ કે, અમારી રાજ એકેડમી શાળાનું બિલ્ડીંગ તૌકતે વાવાઝોડામાં પડી ગયેલ છે. તો આપણે વિચારીએ તો તૌકતે વાવાઝોડું ૨૦૧૭ની સાલમાં આવ્યું અને હાલ ૨૦૨૩ ચાલે છે તો તે શાળાના બિલ્ડીંગના પડયા પછી હાલ આટલા વર્ષો સુધી આ શાળા કયા મકાનમાં ચાલતી હતી..!! તે તપાસનો વિષય છે. હવે આ શાળાના વાલીઓનું કહેવું માનીએ તો આ રાજ એકેડમી પ્રાથમિક શાળા થોડા થોડા સમયે જુદી જુદી જગ્યાએ જેમ બિલાડીના બચ્ચા બિલાડી સાત જગ્યાએ ફેરવે તેવી રીતે થોડો સમય જેવી મોદી હાઈસ્કૂલ. તો થોડો સમય એમ.એલ. શેઠ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, વ્યાયામ મંદિર તો થોડો સમય સોનલ મકાન મણિનગર ત્યારબાદ ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા ભુવા રોડ આમ આ સંચાલક ફારૂકભાઈ ભટ્ટી બાળકોને જુદી જુદી જગ્યાએ ફેરવતા રહ્યા..!! થોડા દિવસથી આહિર છાત્રાલયમાં બેસાડે છે. હવે જે જગ્યાએ શાળા બેસતી હોય અને તે મકાન ભાડાનું હોય તો મકાન માલિક સાથે ઓછામાં ઓછો ૧૫ વર્ષનો રજીસ્ટર ભાડા કરાર કરવાનો ફરજિયાત હોય છે. આ ઉપરાંત તે મકાનની બી.યુ.પી. એટલે કે બિલ્ડીંગ યુઝ પરમિશન નગરપાલિકા ચીફ ઓફિસર પાસેથી લેવાની ફરજિયાત હોય છે. આ ઉપરાંત તે બિલ્ડીંગની મજબૂતાઈ બાબતે સ્ટ્રકચર એન્જિનિયરનું પ્રમાણપત્ર પણ ફરજિયાત હોય છે. હવે આવો કોઈ પણ દસ્તાવેજી પુરાવો જોવા મળેલ નથી.

નવાઈની વાત તો એ છે કે જે પોતાને રાજ એકેડમી પ્રાથમિક શાળાના સંચાલક તરીકે ઓળખાવે છે તેનું નામ ટ્રસ્ટ ડીડમાં કયાંય છે જ નહી, વળી આ ભાઈ પોતાને ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ તરીકે પણ ઓળખાવે છે. પરંતુ તેમને ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળાના ટ્રસ્ટ દ્વારા કોઈ ઓથોરિટી લેટર કે ઠરાવ આપવામાં આવેલ નથી એટલે આનો ચોખ્ખો અર્થ એ થાય છે કે આ ફારૂકભાઈ ભટ્ટી બીનઅધિકૃત રીતે આ બંને શાળાનો વહીવટ ચલાવે છે. હવે જો કોઈ અઘટિત ઘટના આ બંને શાળાના કોઈપણ વિદ્યાર્થી સાથે બને તો આ ફારૂકભાઈ ભટ્ટી તો કાયદેસર જવાબદાર જ નથી પરંતુ આ બંને શાળાના જે રજિસ્ટર્ડ ટ્રસ્ટીઓ છે તે જ જવાબદાર બને માટે આ ટ્રસ્ટીઓએ જાગૃત થવાની જરૂર છે. હવે ત્રીજી શાળા જેનું નામ મનીષા ઈંગલિશ સ્કુલ છે પરંતુ છે ગુજરાતી માધ્યમની શાળા. જેમાં પોતે સંચાલક ભાડાના મકાનમાં રહેણાંક તરીકે ઉપયોગ કરે છે તેમાં જ તે એક જ રૂમમાં ધોરણ એકથી આઠની પ્રાથમિક શાળા ચાલે છે. માત્ર ૧૫ વિદ્યાર્થીઓ કે જે આરટીઈ અંતર્ગત સરકારે ફાળવેલા છે તેટલા જ છે એક પણ વિદ્યાર્થીએ આ ખાનગી પ્રાથમિક શાળામાં ફી ભરીને એડમિશન લીધેલ નથી. એટલે કે મનીષા ઈંગલિશ સ્કૂલમાં ધોરણ ૧ થી ૮માં પોતાનો એક પણ વિદ્યાર્થી નથી. હવે આ ૧૫ વિદ્યાર્થીઓમાંથી મોટાભાગના વિદ્યાર્થીઓ અભ્યાસ ન બગડે એ હેતુથી સનરાઈઝ પ્રાથમિક શાળામાં મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણને રૂબરૂ મળી વાલીઓએ રજૂઆત કરી કે આપની શાળામાં અમારા બાળકોને ફકત અભ્યાસ કરાવવાની મંજૂરી આપો. નામ ભલે મનીષા ઈંગલિશ સ્કૂલમાં રહે પરંતુ ત્યાં તેનો અભ્યાસ બગડે છે માટે આ રજૂઆત સાંભળી પ્રતાપભાઈએ આ બાળકોને એક પણ રૂપિયો ફી લીધા વગર ગયા જૂન મહિનાથી પોતાની સનરાઈઝ પ્રાથમિક શાળામાં અભ્યાસની મંજૂરી આપી છે. ત્યારે આ સિવાય મનીષા ઈંગલિશ સ્કૂલમાં ચાર–પાંચ વિદ્યાર્થીઓ જ હાલ અભ્યાસ માટે જાય છે. હવે જે ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા છે તેના ટ્રસ્ટીઓ હાલ સુરત રહે છે અને આ શાળાનું મકાન અંદાજે ૬૫ થી ૭૦ વર્ષ જૂનું નળિયાવાળું અને અત્યંત જર્જરીત હાલતમાં છે. એવું આ ત્રણ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓની કમિટીના રિપોર્ટમાં જણાવવામાં આવેલ છે.

આ ખાસ તપાસ ટુકડી અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી માયાણી દ્વારા નિમવામાં આવી હતી. જેમાં લાઠી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી જી.જે. અઘેરા અને લીલીયા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી અલ્પેશ પંડયા અને સાવરકુંડલા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી નરેન્દ્ર જોશી હતા અને આ ત્રણ સભ્યોની કમિટીએ એકદમ સ્પષ્ટ અભિપ્રાય આ ત્રણેય શાળાઓનો દીધેલ છે. હવે જોવાનું એ રહ્યું કે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કયારે રાજયકક્ષાએ શિક્ષણ વિભાગને ભલામણ કરી અને તાત્કાલિક ધોરણે આ ત્રણેય શાળાઓને માન્યતા રદ કરવામાં આવે અને આ બંધ થયેલી કરવામાં આવેલી પ્રાથમિક શાળાઓના આરટીઈ સહિત સામાન્ય પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને સનરાઈઝ પ્રાથમિક શાળાના મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અમરેલીને લેખિતમાં ખાતરી આપેલ છે કે આ તમામ બાળકોને ધોરણ આઠ સુધીનો અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની એક પણ રૂપિયો ફી લીધા સિવાય શિક્ષણ આપવામાં આવશે. એટલે આ શાળાઓ અધવચ્ચે બંધ થાય તો તેના તમામ વિદ્યાર્થીઓનું ભાવી સલામત છે. હવે જોવાનું એ રહ્યું કે જયારે સ્વયં સ્પષ્ટ થઈ ગયું છે કે આ ત્રણેય શાળા તદ્દન ગેરકાયદેસર રીતે ચલાવાઈ રહી છે તો બંધ કરવાનાં નિર્ણયમાં મોડું કેમ..?!

આ ઉપરાંત એક ચોથી સાવરકુંડલાની પ્રાથમિક શાળા જેનું નામ જ્ઞાનગંગા પ્રાથમિક શાળા પરિમલ સોસાયટી નેસડી રોડ સાવરકુંડલા છે. તે પણ માત્ર ૧૫ વિદ્યાર્થીઓ સાથે રહેણાંકના મકાનમાં એક જ રૂમમાં ચલાવવામાં આવે છે. તેમને તેમના સંચાલક ચોટલીયાને નોટિસ આપીને રૂબરૂ સુનાવણી માટે બોલાવતા આ સંચાલકે પોતે લેખિતમાં આપેલ છે કે અમે અમારી શાળા ચાલુ રાખવા માંગતા નથી અને અમને આ શાળા બંધ કરવાની મંજૂરી આપવામાં આવે. તો હવે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ સત્વરે આ તમામ શાળાઓનો નિર્ણય કરી અધ્ધરતાલ રહેલા બાળકો અને વાલીઓને રાહતનો ાસ મળે એ રીતે વહેલામાં વહેલી તકે પગલાં લેવાની જરૂર છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









### જી ૨૦ માટે દિલ્હીને શણગારવાના મુદ્દે વિવાદ

# જી ૨૦ માટે દિલ્હીને શણગારવા મુદ્દે ભાજપ-આપ વચ્ચે ઘમાસાણ

## ભાજપનો દાવો છે કે દિલ્હીને શણગારવાનું કામ કેન્દ્ર સરકારના ફંડથી કરાયું છે, તેના પર આપ દ્વારા પ્રહાર

નવી દિલ્હી, તા.૨૮

આગામી મહિને યોજાનાર ત્રણ દિવસના જી-૨૦ શિખર સંમેલન પૂર્વે દિલ્હીને શણગારવા મુદ્દે ભાજપ (ભાજપ) અને આમ આદમી પાર્ટી (આપ) વચ્ચે ઘમસાણ શરૂ થઈ ગયું છે. ભાજપનો દાવો છે કે દિલ્હીને શણગારવાનું કામ કેન્દ્ર સરકારના ફંડથી કરાયું છે. તેના પર આપ દ્વારા તીખા પ્રહાર કરાયા હતા. ભાજપે આ વિવાદ વચ્ચે આમ આદમી પાર્ટીને પડકારતાં કહ્યું કે તમે એવી એક પણ યોજનાનું નામ જણાવી દો જેને આમ આદમી પાર્ટીની સરકાર દ્વારા ફન્ડિંગ કરવામાં આવ્યું હોય. બીજી બાજુ આમ આદમી પાર્ટીએ તેના સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે ભાજપ રાજકારણની ગંદી રમત રમી રહ્યો છે. ભાજપે આ મુદ્દે આપને ઘેરતાં કહ્યું કે જી-૨૦ માટે દિલ્હીનું મેકઓવર કેન્દ્ર સરકારના ફંડથી કરાયું છે અને તેમના મંત્રીઓ શ્રેય લેવાનો પ્રયાસ કરી રહ્યા છે જે શરમજનક છે. જ્યારે ભાજપના દાવા સામે આપે એક સત્તાવાર નિવેદનમાં કહ્યું કે અચરજ થાય છે કે ભાજપે આમ આદમી પાર્ટીએ કરેલા કાર્યોને પણ પોતાના બતાવવા પડી રહ્યા છે. દિલ્હીમાં પીડબ્લ્યૂડીના માર્ગો સંબંધિત કામનો ખર્ચ દિલ્હી સરકારના પીડબ્લ્યૂડી વિભાગે ઉપાડ્યો હતો. એમસીડીના માર્ગોનો ખર્ચ એમસીડીએ ઉઠાવ્યો છે. ફક્ત એનડીએમસી અને એનએચએઆઈના માર્ગો સંબંધિત કામકામજ જ કેન્દ્રના ખર્ચે થયા છે. આ પ્રકારની રાજનીતિથી દેશનું ભલું થવાનું નથી.

### કાશ્મીરથી અલગ થયા બાદ કારગિલમાં પ્રથમવાર ચૂંટણી

# કારગિલ હિલ કાઉન્સિલની ૨૬ બેઠકો માટે ૧૦ સપ્ટેમ્બરે મતદાન

## કારગિલ હિલ કાઉન્સિલની ૨૬ સીટો પર ૮૮ ઉમેદવારો

લદાખ, તા.૨૮

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટવા અને રાજ્યની પુનઃરચના બાદ કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના કારગિલમાં પહેલીવાર ચૂંટણી યોજાવા જઈ રહી છે. લદાખ ઓટોનોમલ હિલ ડેવલપમેન્ટ કાઉન્સિલની આ ચૂંટણીમાં કારગિલ હિલ કાઉન્સિલની ૨૬ સીટો માટે ૧૦ સપ્ટેમ્બરે મતદાન થવાનું છે. આ વખતે આમ આદમી પાર્ટીએ તેના ઉમેદવારો ઉતારતાં ચૂંટણી અંગે ચર્ચા થવા લાગી છે.

માહિતી અનુસાર કારગિલ હિલ કાઉન્સિલની ૨૬ સીટો પર ૮૮ ઉમેદવારો મેદાને ઉતર્યા છે. હિલ કાઉન્સિલની સત્તા માટે ભાજપ, કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ વચ્ચે ત્રિકોણીય મુકાબલો છે. નેશનલ કોન્ફરન્સના ઉમેદવારો અપક્ષ તરીકે લડશે. જ્યારે દિલ્હી અને પંજાબમાં સત્તા ધરાવતી આમ આદમી પાર્ટીએ પણ ચાર બેઠકો પર તેના ઉમેદવારો ઉતાર્યા છે. આમ આદમી પાર્ટીએ પોએન સીટથી મોહમ્મદ હુસૈનને ચૂંટણી મેદાને ઉતાર્યા છે. ૩૦ સભ્યો ધરાવતી કાઉન્સિલની ૨૬ સીટ માટે યોજાઈ રહેલી ચૂંટણીમાં કોંગ્રેસે સૌથી વધુ ૨૧ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે. ભાજપે ૧૭ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે. ચાર સીટ માટે સભ્યોની પસંદગી નોમિનેશન દ્વારા થાય છે. જોકે આમ આદમી પાર્ટીએ ચાર બેઠક પર ઉમેદવારો ઉતાર્યા છે. આ વખતે નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી મેદાને ઝંપલાયા છે.

### ઈસરોની નવા સીમાચિહ્ન તરફ ડગ માંડવાની તૈયારી

# સુર્યના અભ્યાસ માટે બે સપ્ટેમ્બરે આદિત્ય એલ-૧ મિશન લોન્ચ થશે

## ઈસરોએ વ્યુ ગેલેરીમાં બેસીને લોન્ચ જોવા માટે તેની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન લિંક પણ બહાર પાડી

નવી દિલ્હી, તા.૨૮

ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ બાદ ઈતિહાસ રચનાર ઈસરોએ હવે એક નવા સીમાચિહ્ન તરફ કદમ માંડવાની તૈયારી શરુ કરી દીધી છે. ઈસરોએ જાહેરાત કરી છે કે, તે ૨ સપ્ટેમ્બરે આદિત્ય-એલ૧ મિશન લોન્ચ કરશે. તેને શ્રીહરિકોટાથી સવારે ૧૧.૫૦ કલાકે લોન્ચ કરવામાં આવશે. સામાન્ય નાગરિકો પણ લોન્ચિંગ જોવા માટે રજીસ્ટ્રેશન કરાવી શકે છે. ઈસરોએ વ્યુ ગેલેરીમાં બેસીને લોન્ચ જોવા માટે તેની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન લિંક પણ બહાર પાડી છે. ઈસરો દ્વારા સૂર્યના અભ્યાસ માટે મોકલવામાં આવનાર આ પહેલું ભારતીય અવકાશ મિશન હશે. આ મિશન હવામાનની ગતિશીલતા, સૂર્યનું તાપમાન, પૃથ્વી પર અલ્ટ્રાવાયોલેટ કિરણોની અસર અને ઓઝોન સ્તરનો અભ્યાસ કરશે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, સૂર્યનો અભ્યાસ કરીને હવામાનની આગાહીની સચોટતામાં પણ વધારો થશે. આનાથી એવી સિસ્ટમ બનાવવામાં મદદ મળશે, જેના દ્વારા વાવાઝોડાની જાણકારી તરત જ મળી જશે અને એલર્ટ જારી કરી શકાશે. સોલર અલ્ટ્રાવાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ (એસયુઆઈટી), આદિત્ય એલ૧ મિશન માટેનું મુખ્ય સાધન, પુણે સ્થિત ઈન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ (આઈયુસીએએ) દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

### અંતરિક્ષ કાર્યક્રમમાં યોગદાનને લઈને શાબ્દિક યુધ્ધ

# કોંગ્રેસે ઈસરોની સ્થાપના માટે નેહરુના યોગદાનની પ્રશંસા કરી

## વિપક્ષ તેમના નેતાઓના પ્રયાસોને ઉજાગર કરી રહી છે, શાસક પક્ષનો દાવો છે કે ૨૦૧૪ પછી ઘણી પ્રગતિ થઈ

નવી દિલ્હી, તા.૨૮

કોંગ્રેસે ઈસરોની સ્થાપના માટે ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના યોગદાનની પ્રશંસા કરી છે. કોંગ્રેસનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે છેલ્લા કેટલાક દિવસોથી ભારતના અંતરિક્ષ કાર્યક્રમમાં નેહરુ અને કોંગ્રેસના અન્ય વડાપ્રધાનોના યોગદાનને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે શાબ્દિક યુદ્ધ ચાલી રહ્યું છે. જ્યારે વિપક્ષી પાર્ટીઓ તેમના નેતાઓના પ્રયાસોને ઉજાગર કરવાનો પ્રયાસ કરી રહી છે, ત્યારે શાસક પક્ષનો દાવો છે કે ૨૦૧૪ પછી આ ક્ષેત્રમાં ઘણી પ્રગતિ થઈ છે. કોંગ્રેસના મહાસચિવ (કમ્યુનિકેશ) જયરામ રમેશે પણ આ મુદ્દે ટ્વિટ કર્યું છે. તેમણે કહ્યું કે નેહરુ વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન આપતા હતા. જે લોકો ઈસરોની સ્થાપનામાં તેમના યોગદાનને પચાવી શકતા નથી તેઓએ ટીઆઈએફઆર (ટાટા ઈન્સ્ટિટયૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ)ના સ્થાપના દિવસે તેમનું ભાષણ સાંભળવું જોઈએ. જયરામ રમેશે જવાહરલાલ નેહરુના તે ભાષણનો વીડિયો પણ ટ્વિટ કર્યો છે. તેમણે વધુમાં કહ્યું કે નેહરુ માત્ર મોટી મોટી વાતો કરતા ન હતા પરંતુ તેઓ મોટા નિર્ણયો પણ લેતા હતા.

ચંદ્ર પર ચંદ્રયાન-૩ની સફળતા બાદ કોંગ્રેસે કહ્યું હતું કે આ દરેક ભારતીયની સામૂહિક સફળતા છે અને ઈસરોની સિદ્ધિ સાતત્યની ગાથા દર્શાવે છે જે ખરેખર અદભૂત છે. કોંગ્રેસે કહ્યું છે કે ૧૯૬૨માં આઈએનસીઓએસપીએઆરની રચના સાથે ભારતની અવકાશ યાત્રા શરૂ થઈ હતી, જે હોમી ભાભા અને વિક્રમ સારાભાઈની દૂરંદેશી તેમજ દેશના પ્રથમ વડાપ્રધાન નેહરુના સમર્થનનું પરિણામ હતું. આ પછી ઓગસ્ટ ૧૯૬૯માં સારાભાઈએ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ની સ્થાપના કરી હતી.

### ઈન્ડિયાના સંયોજક પદને લઈને ચર્ચા

# અંગત રીતે કંઈ નથી જોઈતું, મારું કામ બધાને એક કરવાનું : નીતિશ

## મુંબઈમાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાની આગામી બેઠકમાં કેટલાક વધુ રાજકીય પક્ષો તેમાં સામેલ થવાની સંભાવના

પટના, તા.૨૮

ભારતમાં આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે વિપક્ષી પાર્ટીઓનું મહાગઠબંધન ઈન્ડિયાસતત ચર્ચામાં છે. આ ચર્ચાનું મુખ્ય કારણ આ મહાગઠબંધનના સંયોજકનું પદ છે. મહાગઠબંધનની રચના થઈ ત્યારથી જ એવી અટકળો ચાલી રહી હતી કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને આ મહાગઠબંધનના સંયોજક બનાવવમાં આવી શકે છે, જો કે આ અટકળો વચ્ચે નીતિશ કુમારે પૂર્ણવિરામ મુક્તા કહ્યું હતું કે હું આ મહાગઠબંધનનો કન્વીનર બનવા માંગતો નથી.

સીએમ નીતિશ કુમારે કહ્યું કે અન્ય નેતાને કન્વીનર બનાવવામાં આવશે. આ સિવાય સીએમ નીતિશે વધુમાં કહ્યું કે મારે અંગત રીતે કંઈ જોઈતું નથી, મારું કામ માત્ર બધાને એક કરવાનું છે. આ ઉપરાંત બિહારના નાયબ મુખ્યમંત્રી જ્યારે ઈન્ડિયાગઠબંધનના સંયોજક કોણ બનશે? એવું પૂછવામાં આવ્યું તો તેમણે સીધું કોઈનું નામ પણ ન લીધું અને કહ્યું કે મુંબઈની બેઠકમાં બધા લોકો સાથે બેસીને આ અંગે નિર્ણય લેશે. બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે કહ્યું હતું કે મુંબઈમાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાની આગામી બેઠક દરમિયાન કેટલાક વધુ રાજકીય પક્ષો તેમાં સામેલ થવાની સંભાવના છે. ભાજપ વિરોધી પક્ષોને એકસાથે લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહેલા નીતિશે 'ઈન્ડિયા'માં જોડાનાર સંભવિત પક્ષોના નામ જાહેર કર્યા ન હતા, પરંતુ એમ કહ્યું હતું કે બેઠક દરમિયાન બેઠકોની વહેંચણી જેવા ચૂંટણી સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

પટનામાં પત્રકારો સાથે વાત કરતાં નીતિશ કુમારે કહ્યું હતું કે મુંબઈમાં આગામી બેઠક દરમિયાન અમે આવતા વર્ષે યોજાનારી સામાન્ય ચૂંટણીને લઈને 'ઈન્ડિયા'ની રણનીતિ પર ચર્ચા કરીશું. બેઠકોની વહેંચણી જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે અને અન્ય ઘણા એજન્ડાને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે હું ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા બને તેટલી પાર્ટીઓને એક કરવા માંગુ છું. હું આ દિશામાં કામ કરી રહ્યો છું.

### આગામી મહિને ભારતમાં જી૨૦નું શિખર સંમેલન

# પુતિનના ભારત આવવા અંગેની રાષ્ટ્રપતિ કાર્યાલય જાહેરાત કરી શકે

## રશિયાના ભારત ખાતેના રાજદૂત ડેનિસ એલીપોવ સાથે પત્રકારોએ વાત કરતા તેમણે સ્પષ્ટ ઉત્તર આપ્યો

નવી દિલ્હી, તા.૨૮

રશિયા-યુક્રેન યુદ્ધને એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે... હજુ પણ બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામની કોઈ સંભાવના જોવા મળી રહી નથી... ત્યારે આગામી મહિને ભારતમાં જી૨૦ શિખર સંમેલન યોજાવાનું છે. ઉપરાંત એવા અહેવાલ પણ વહેતા થયા છે કે, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારત આવશે... ભારતના યોજાનારા જી૨૦ સંમેલનમાં પુતિન ભાગ લેશે... જોકે આ માત્ર વાતો જ છે, ત્યારે સવાલ એ થાય છે કે, પુતિન ભારત આવશે કે નહીં? આ જ સવાલોનો જવાબ જાણવા ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ એલીપોવ સાથે પત્રકારોએ વાત કરી. જ્યારે રશિયાના રાજદૂત ડેનિસ એલીપોવને પૂછવામાં આવ્યું કે, શું રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દિલ્હીમાં યોજાનારા જી૨૦ શિખર સંમેલનમાં ભાગ લેશે ? જેના જવાબમાં ડેનિસે કહ્યું કે, રાષ્ટ્રપતિના કાર્યક્રમ અંગે કોઈ જાહેરાત કે નિવેદન આપવાનો મારો વિશેષાધિકાર નથી. આ બાબતે રાષ્ટ્રપતિ કાર્યાલય દ્વારા સત્તાવાર જાહેરાતની રાહ જોવા હું આપસૌને સૂચન આપુ છું.

રશિયન રાજદૂતે રશિયા અને યૂક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અંગે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, બંને દેશોની સ્થિતિ ખુબ જ તણાવપૂર્ણ છે... યુદ્ધ યથાવત્ છે... અમે શરૂઆતથી જ સંઘર્ષ બંધ કરવા શાંતિપૂર્ણ સમાધાન માટે તૈયાર છીએ... તો બીજીતરફ યુક્રેને ઘણીવાર કહ્યું છે કે, તેને રશિયા સાથે વાતચીત કરવામાં કોઈ રસ નથી... તેમણે પશ્ચિમ દેશો પર આક્ષેપ કરતા કહ્યું કે, પશ્ચિમ દેશો યુદ્ધ સમાપ્ત થવાના આંશિક આશાઓ ખતમ કરી રહી છે. પશ્ચિમી સમર્થકો યૂક્રેનને સતત હથિયારો અને સૈન્ય સામગ્રીઓનો જથ્થો આપી રહી છે, જેના કારણે દુશ્મનાવટને ખતમ કરવાનો કોઈ રસ્તો બચ્યો નથી.

અગાઉ ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવે જણાવ્યું હતું કે, વ્યસ્ત કાર્યક્રમના કારણે પુતિન ભારતના જી૨૦ સંમેલનમાં જવાની કોઈ યોજના બનાવી રહ્યા નથી. હાલ તેમનું મુખ્ય ફોકસ યૂક્રેનના એક 'વિશેષ સૈન્ય અભિયાન' પર છે. ઉલ્લેખનિય છે કે, ૨૪ ફેબ્રુઆરી-૨૦૨૨થી મોસ્કો અને કીવ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે.

### હિંગોલીમાં જનસભાને ઉદ્ધવ ઠાકરેનું સંબોધન

# નિષ્ફળતાથી ધ્યાન હટાવવા ભાજપ કંઈ પણ કરી શકે છે

## મોદી કહે છે સૌનો સાથ સૌનો વિકાસ પરંતુ ખરા અર્થમાં તો તે દરેકને લાત અને પોતાના મિત્રોનો વિકાસ થાય છે

હિંગોલી, તા.૨૮

શિવસેના (યુબીટી)ના પ્રમુખ અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ દેશમાં સાંપ્રદાયિક તણાવ પેદા કરવાના પ્રયાસો સામે લોકોને ચેતવણી આપી અને દલીલ કરી કે ભાજપ પોતાની સરકારની નિષ્ફળતાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવા માટે કંઈ પણ કરી શકે છે.

અહેવાલ અનુસાર મહારાષ્ટ્રના હિંગોલીમાં એક વિશાળ જનસભાને સંબોધિત કરતી વખતે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, "હું એમ નથી કહી રહ્યો, પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિક કે જેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના હતા અને તૃણમૂલના સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું છે કે ભાજપ ૨૦૨૪ની ચૂંટણી જીતવા માટે કંઈપણ કરી શકે છે. તેમણે ૨૦૧૯માં પુલવામાની ઘટના અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે અને આશંકા વ્યક્ત કરી છે કે અયોધ્યામાં રામ મંદિરના ઉદ્ઘાટન બાદ મોટાપાયે કોમી રમખાણો ફાટી શકે છે.

લોકોને સાવધ રહેવાનું કહેતાં શિવસેના (યુબીટી) પ્રમુખે કહ્યું, "તેઓ ગૌરવપૂર્ણ હિંદુ હોવાનો ગર્વ અનુભવે છે પરંતુ હિંદુ હોવાનો મતલબ મુસ્લિમો સાથે ભેદભાવ નથી. મને ભાજપના કોઈ સર્ટિફિકેટની જરૂર નથી. તેઓ કહે છે કે હું હિન્દુત્વથી ભાગી ગયો છું, ખોટું. હું મુસ્લિમોની વિરુદ્ધ નથી. હું દેશદ્રોહીઓની વિરુદ્ધ છું. દેશદ્રોહીઓને ફાંસી આપો પણ જય શ્રી રામ બોલવાથી તમે હિન્દુ નથી બની જતા. હિંદુઓ માટે નોકરી ક્યાં છે?"

ભાજપ પર પ્રહાર કરતા તેમણે વધુમાં કહ્યું કે, "તમે (નરેન્દ્ર મોદી) કહો છો કે સૌનો સાથ સૌનો વિકાસ પરંતુ ખરા અર્થમાં તો તે દરેકને લાત એ પોતાના મિત્રોનો વિકાસ છે. તમે સુનિશ્ચિત કરો છો કે તમારા મિત્રોને ભારત અને વિદેશમાં બધું જ મળે, કોન્ટ્રાક્ટ, કંપનીઓ અને સંસાધનો... બધું જ તમારા મિત્રો માટે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડિયાને અહંકારી ગણાવ્યું હતું. આ અંગે નારાજગી વ્યક્ત કરતાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, "મોદી સાહેબ, ચંદ્ર પર કોણ પહોંચ્યું છે? ભારત કે ઈન્ડિયન મુજાહિદીન. વડાપ્રધાનને આવી ભાષા શોભતી નથી." ખરેખર વિપક્ષી ગઠબંધનનું નામ ઈન્ડિયારાખવાના વિપક્ષના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા વડાપ્રધાને કહ્યું હતું કે આતંકવાદી જૂથનું નામ પણ ઈન્ડિયાછે. ઉદ્ધવ ઠાકરેએ આગળ કહ્યું, "તમારી પાસે કોઈ સિદ્ધાંત નથી, કોઈ વિચારધારા નથી. તમે અન્ય પક્ષોના નેતાઓની ચોરી કરી છે. તમે દેશદ્રોહી અને ચોરોનું ટોળું બનાવી દીધું છે. તમે બીજા પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવો છો પણ કલંકિત લોકોને તમારા ખાસ પાવડરથી ધોઈને તમારામાં સામેલ કરી લો છો.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ૨ વાર જીતેલાને નહીં મળે તક : સંગઠનમાં મળશે જવાબદારી

# લોકસભા ચૂંટણીમાં ૧૫૦ ચહેરા ભાજપ નવા ઉતારશે

## લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તૈયારી કરતી વખતે ભાજપ એકસાથે અનેક ફોર્મ્યુલા ઉપર કામ કરી રહ્યું છે

નવી દિલ્હી, તા.૨૮

લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તૈયારી કરતી વખતે ભાજપ એકસાથે અનેક ફોર્મ્યુલા પર કામ કરી રહ્યું છે. વર્તમાન સાંસદોની ટિકિટ કાપવાથી લઈને નવા ચહેરાઓને તક આપવા માટે પાર્ટીમાં મનોમંથન ચાલી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટી આઝાદીના ૧૦૦મા વર્ષ સુધી સંસદમાં યુવા પ્રતિનિધિત્વ વધારવા માટે કામ કરી રહી છે. ભાજપ ચૂંટણીમાં ૧૫૦ નવા ઉમેદવારો ઉભા કરી શકે છે. તેમાં ૪૧ થી ૫૫ વર્ષની વયજૂથના ઉમેદવારોની સંખ્યા વધુ હશે. પહેલી લોકસભામાં ૨૬% સભ્યો ૪૦ વર્ષથી ઓછી વયના હતા. પાછળથી સંસદમાં યુવા પ્રતિનિધિત્વ ઘટ્યું. લોકસભામાં ચૂંટણી જીતનારા સાંસદોની સંખ્યા ત્રણથી વધીને ૧૧ ગણી થઈ છે. આ જોતા પાર્ટી બે કે તેથી વધુ વખત લોકસભાની ચૂંટણી જીતી ચૂકેલા મોટાભાગના નેતાઓને સંગઠનની જવાબદારી સોંપવા જઈ રહી છે.

અપવાદ સિવાય કોઈને બે વખતથી વધુ રાજ્યસભામાં મોકલવામાં આવશે નહીં. આવા ૮૦% લોકોને તક મળશે જેઓ કાયદા, દવા, વિજ્ઞાન, કલા, આર્થિક બાબતો, ટેકનોલોજી, પર્યાવરણ અને ભાષાના જાણકાર છે. જો દસ બેઠકો પર ચૂંટણી યોજાશે તો એવા બે જ ઉમેદવારો હશે જે જ્ઞાતિના

### ગ્રીન કાર્ડ ફટાફટ મળશે

# H-1B વિઝાધારકની નોકરી જાય ત્યાર પછી તેણે ૬૦ દિવસની અંદર નવી જોબ શોધવી પડે છે

## રોકાણકારો એ TEAમાં મૂડી રોકી હોય તો $૧.૮ મિલિયનનું રોકાણ કરીને પણ લાયક બની શકે છે

નવી દિલ્હી, તા.૨૮

અમેરિકાની આઈટી કંપનીઓમાં અત્યારે ઉથલપાથલની સ્થિતિ ચાલે છે જેની કારણે કેટલીક કંપનીઓમાં નવો સ્ટાફ લેવાય છે અને તેની સાથે સાથે અનુભવીઓની છટણી પણ થાય છે. તેના કારણે ભારતથી અમેરિકા ગયેલા H -1B વિઝાધારકો માટે મુંઝવણની સ્થિતિ છે. અમેરિકામાં કામ કરવા અને વસવાટ કરવા માગતા ભારતીયોમાં H -1B વિઝાની સારી ડિમાન્ડ હોય છે. સપ્ટેમ્બર ૨૦૨૧માં સમાપ્ત થયેલા વર્ષમાં કુલ ચાર લાખથી વધારે H -1B વિઝા ઈશ્યૂ થયા હતા તેમાં એકલા ભારતીયોનો ૭૪ ટકા હિસ્સો હતો. જોકે, ત્યાર પછી અનેક સેક્ટરમાંથી જોબ ઓછી થઈ છે જેના કારણે H -1B વિઝાધારકોની છટણી કરવામાં આવી છે. આવા લોકો માટે EB-5 વિઝા એક સારો વિકલ્પ સાબિત થયો છે. H -1B વિઝાધારકની નોકરી જાય ત્યાર પછી તેણે ૬૦ દિવસની અંદર નવી કંપનીમાં જોબ શોધી લેવાની હોય છે. જો તેઓ આટલા દિવસમાં જોબ શોધી ન શકે તો તેમણે અમેરિકા છોડવાની ફરજ પડે છે. H -1B વિઝાને લગતા ઘણા પ્રશ્નો છે જેમ કે તેનો વાર્ષિક ક્વોટા બહુ મર્યાદિત છે, લોટરી સિસ્ટમ લાગુ થાય છે, તેમાં બહુ ભારે કોમ્પિટિશન ચાલે છે, પોલિસીમાં ચેન્જ થતો રહે છે અને વિઝાના પ્રોસેસિંગમાં પણ વિલંબ થાય છે. આવા લોકો માટે ઈબી-૫ વિઝા ઘણો સારો વિકલ્પ છે. તેના હેઠળ ગ્રીન કાર્ડ પણ મળી જાય છે. EB-5ને ઈમિગ્રન્ટ ઈન્વેસ્ટર વિઝા પ્રોગ્રામ તરીકે ઓળખવામાં આવે છે. તેમાં એચ-૧બીની તુલનામાં અનિશ્ચિતતાનું પ્રમાણ ઓછું હોય છે. આ વિઝા અમેરિકન સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ દ્વારા આપવામાં આવે છે અને તે અમેરિકામાં કાયમી વસવાટનો માર્ગ ખોલી આપે છે. EB-5 વિઝા માટે ક્વોલિફાય થવા માટે રોકાણકારોએ માન્યતા ધરાવતા કોમર્શિયલ સાહસમાં ઓછામાં ઓછા ૯ લાખ ડોલરનું રોકાણ કરવું આવશ્યક છે. રોકાણકારો એ TEAમાં મૂડી રોકી હોય તો $1.8 મિલિયનનું રોકાણ કરીને પણ લાયક બની શકે છે. એચ-૧બી વિઝામાં તમને એમ્પ્લોયરની સ્પોન્સરશિપની જરૂર પડે છે જ્યારે ઈબી-૫ વિઝામાં તમારે કોઈ ચોક્કસ એમ્પ્લોયર પાસે કામ કરવું પડતું નથી. તેના બદલે તમે જેમાં કારકિર્દી આગળ વધારવા માગો તેમાં આગળ જઈ શકો છો. EB-5 બીજી ઘણી રીતે એચ-૧બી વિઝા કરતા ફાયદાકારક છે. તેમાં તમને અમેરિકામાં ગમે ત્યાં વસવાટ કરવાની અને કામ કરવાની તક મળે છે. યુએસમાં એચ-૧બી વિઝા પર કામ કરતા લોકો EB-5 સ્ટેટસ માટે અરજી કરી શકે છે. તેઓ એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ કાર્ડ અને એડવાન્સ પેરોલ માગી શકે છે. એક્સપર્ટનું પણ માનવું છે કે જે ભારતીયો હાલમાં એચ-૧બી વિઝા પર અમેરિકા આવેલા છે અને યુએસમાં કાયમ માટે વસવાટ કરવા માગે છે તેમણે EB-5 વિઝાનો માર્ગ અપનાવવો જોઈએ. આ વિઝા તેમને સ્થિરતા અને સ્વતંત્રતા આપશે તથા તેઓ અમેરિકામાં ઈચ્છે તે રીતે આગળ વધી શકશે. એચ-૧ બી વિઝાની સાથે કેટલાક નેગેટિવ પાસા જોડાયેલા છે જેના કારણે વિઝાની અરજી કરનારાઓની ચિંતા વધી જાય છે. અમેરિકામાં એફ૧ તથા એચ-૧બી વિઝા નોન-ઈમિગ્રન્ટ વિઝા ગણવામાં આવે છે. તેથી તેના આધારે પર્મેનન્ટ રેસિડન્સી મેળવવી મુશ્કેલ છે.

### મુખ્ય પ્રવાહની રાજનીતિમાં વધુ એક પક્ષ અસ્તિત્વમાં

# પૂર્વ ધારાસભ્યએ જમ્મુ કાશ્મીર યુનાઈટેડ મૂવમેન્ટ પક્ષની રચના કરી

## પક્ષની સ્થાપના લોકોની ગંભીર ચિંતાઓને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હોવાનો પૂર્વ ધારાસભ્યનો દાવો

જમ્મુ, તા.૨૮

જમ્મુ-કાશ્મીરમાં મુખ્ય પ્રવાહની રાજનીતિમાં વધુ એક પક્ષ અસ્તિત્વમાં આવ્યો છે. વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે, કાશ્મીરના ગાંદરબલ મતવિસ્તારના પૂર્વ ધારાસભ્ય ઈશફાક જબ્બારે જમ્મુ કાશ્મીર યુનાઈટેડ મૂવમેન્ટ પક્ષની રચના ગઈકાલે કરી હતી. આ પક્ષની રચના સમયે તેના સમર્થકો હાજર રહ્યા હતા.

જબ્બારે કહ્યું કે પક્ષની સ્થાપના લોકોની ગંભીર ચિંતાઓને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. તેમના પિતા શેખ અબ્દુલ જબ્બાર સ્થાનિક લોકોના ઉત્થાન અને સશક્તિકરણ માટે કામ કરી રહ્યા છે. હવે તે પાર્ટી દ્વારા સામાજિક ન્યાય, શિક્ષણ અને અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ઈશફાક જબ્બારે જણાવ્યું હતું કે પ્રદેશના સમૃદ્ધ અને સમાન ભાવિ માટે કામ કરવાનો ઉદ્દેશ્ય છે.

ઉલ્લેખનીય છે કે જબ્બારને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ માટે એનસીપક્ષ દ્વારા એપ્રિલમાં છ વર્ષ માટે પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. ઈશ્ફાકે કાશ્મીરમાં આતંકવાદના યુગ પર પ્રદેશના કેટલાક નેતાઓ પર આકરા પ્રહારો કર્યા હતા. ૧૯૮૭એ જમ્મુ અને કાશ્મીરનો ટર્નિંગ પોઈન્ટ હતો. ચૂંટણીના થયેલા ફ્રોડના કારણે જમ્મુ-કાશ્મીરમાં આતંકનો કાળ શરૂ થયો. અમારો પક્ષ ટૂંક સમયમાં કાશ્મીરમાં આંદોલન બની જશે. આગામી તમામ ચૂંટણીઓમાં પાર્ટી પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતારીને નવા કાશ્મીર બનાવવાના મિશનને સફળ બનાવવા માટે કામ કરશે. રાજ્યની રાજનીતિમાં લોકો માટે પક્ષ વધુ સારો વિકલ્પ બની રહેશે. અમે યુવાનો માટે સેતુ બનીને લોકશાહીને આગળ લઈ જવા માંગીએ છીએ. એનસીના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લા પર નિશાન સાધતા જબ્બારએ કહ્યું કે હવે તે શેર-એ-કાશ્મીરના મિશનને આગળ વધારવા વિશે પોકળ વાતો કરી રહ્યા છે. તેઓ ભાજપના ખોળામાં બેસીને વર્ષ ૧૯૯૮માં જ કેન્દ્રમાં મંત્રી બન્યા હતા. શેર-એ-કાશ્મીરનું મિશન ભાજપ સાથે હાથ મિલાવવાનું ન હતું. મારા પિતા જેવા લોકોએ તેમના મિશનને સફળ બનાવવા કામ કર્યું. તેણે ઘણા સમય પહેલા આ મિશન છોડી દીધું છે. તમે પશ્ચિમી સંસ્કૃતિ અપનાવી હતી, અમે સામાન્ય કાશ્મીરી છીએ. પૂર્વ મંત્રી શેખ જબ્બારના પુત્ર ઈશ્ફાકે ૨૦૧૪માં નેશનલ કોન્ફરન્સની ટિકિટ પર ચૂંટણી જીતી હતી. ૨૦૧૯માં જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ તેણે નેશનલ કોન્ફરન્સથી દૂરી લીધી હતી. આવી સ્થિતિમાં નેશનલ કોન્ફરન્સના નેતાઓ તેમનાથી નારાજ હતા.

### વરસાદે વિરામ લેતા ખેડૂતોની પરિસ્થિતિ દયનિય બની

# વરસાદ ખેંચાતા ધરતીપુત્રોની ચિંતામાં વધારો, પાક નિષ્ફળ જવાની ભીતિ

## ખેડૂતોની માંગ છે કે ત્વરિત વીજળી ૧૦ કલાક આપવામાં આવે અથવા તો પિયતના પાણી માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે

બનાસકાંઠા,તા.૨૮

બનાસકાંઠા જિલ્લામાં વરસાદે વિરામ લેતા ખેડૂતોની પરિસ્થિતિ દયનિય બની છે. છેલ્લા દોઢ મહિનાથી વરસાદ ન વરસતા ચોમાસુ સિઝનમાં વાવેતર કરેલો પાક નિષ્ફળ જવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે. ખેડૂતોની માંગ છે કે ત્વરિત વીજળી ૧૦ કલાક આપવામાં આવે અથવા તો પિયતના પાણી માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

બનાસકાંઠા જિલ્લામાં વાવાઝોડા બાદ માત્ર એક વરસાદ વરસ્યો છે. જિલ્લામાં જો વાત કરવામાં આવે તો અત્યાર સુધી માત્ર ૭૨ ટકા વરસાદ વરસતા હાલ પરિસ્થિતિ દયનિય બની છે ખાસ કરીને વાત કરવામાં આવે તો ધરતીપુત્રોની ચિંતામાં પણ વધારો થયો છે. ચોમાસુ સિઝનનું વાવેતર કર્યાના દોઢ મહિનો પસાર થયો છતાં પણ વરસાદે દસ્તકના દેતા હાલ બાજરી, મગફળી, જુવાર, ગુવાર સહિતના ચોમાસુ પાકમાં ભારે નુકસાન જવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે. એક તરફ આઠ કલાક વીજળી મળતા હાલ ખેડૂતોને પિયત કરવું મુશ્કેલ બન્યું છે.

ખેડૂતોની માંગ છે કે ૧૦ કલાક સરકાર દ્વારા વિજળી આપવામાં આવે તો બીજી તરફ પાણીના તળ ૧૦૦૦ થી ૧૨૦૦ ફૂટ ઊંડા જતા ખેડૂતોને પાણી ખેંચવા ડબલ મોટરનો માર થાય છે. ત્વરિત સરકાર દ્વારા પાણીની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.જિલ્લામાં ખેડૂતોએ વાવાઝોડા બાદ વધુ પ્રમાણમાં વાવેતર કર્યું હતું. પરંતુ વરસાદે વિરામ લેતા હાલ પાક નિષ્ફળ જવાની ખેડૂતોને ભીતી સતાવી રહી છે. ધાનેરાના બોર્ડર વિસ્તારના ગામડાઓમાં પણ વરસાદ ના આવતા હાલ વાવેતર કરેલો પાક સુકાઈ જવાનો ડર ખેડૂતોને સતાવી રહ્યો છે. બીજી તરફ વીજળી અપૂરતી અને આઠ કલાકથી પિયત પણ થઈ શકતું નથી જેને લઈને ખેડૂતોની માંગ છે કે તળાવ ભરવામાં આવે કે પછી કેનાલ દ્વારા પાણી પૂરું પાડવામાં આવે તેવી વ્યવસ્થા કરવા ખેડૂતોએ માંગ કરી છે.

### નવી ઇન્ડેન એક્સ્ટ્રાતેજ એલપીજી બ્રાન્ડ

# ઈન્ડિયન ઓઈલે સંજીવ કપૂરને બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો

## આઈઓસી દ્વારા શેફ સંજીવ કપૂરને દર્શાવતી નવી એક્સ્ટ્રાતેજ ટીવી કમર્શિયલનું અનાવરણ કરવામાં આવ્યું

બેંગલુરૂ, તા.૨૮

ઈન્ડિયન ઓઈલે તેની નવી ઈન્ડેન એક્સ્ટ્રાતેજ એલપીજી બ્રાન્ડના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પ્રખ્યાત સેલિબ્રિટી શેફ સંજીવ કપૂર સાથે જોડાણની ગર્વપૂર્વક જાહેરાત કરી હતી. આ જાહેરાત બેંગાલુરુમાં રાંધણકળાની ઉત્કૃષ્ટતા અને ઉદ્યોગનાજ્ઞાનના સંગમ એવી પ્રતિષ્ઠિત ઈન્ડેન એક્સ્ટ્રાતેજ હોટેલિયર હાર્મની મીટમાં કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શેફ સંજીવ કપૂરને દર્શાવતી નવી એક્સ્ટ્રાતેજ ટીવી કમર્શિયલનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જેમણે રાંધણકળાની નવીનતા અને કાર્યદક્ષતા પ્રત્યે ઈન્ડિયન ઓઈલની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. કપૂરે કારોબારની કામગીરીમાં વિસ્તરણ કરવાની સાથે-સાથે એલપીજીની બચત કરતા કિફાયતી ઉકેલ બનાવવા માટે કંપનીના સમર્પણની પ્રશંસા કરી હતી, જેથી ગ્રાહકોની વધતી જતી અપેક્ષાઓને પૂર્ણ કરી શકાય. ઈન્ડિયન ઓઈલના ડિરેક્ટર (માર્કેટિંગ) વી. સતીશ કુમારે સંજીવ કપૂર અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (એલપીજી)-એચઓ કે. શૈલેન્દ્ર, કર્ણાટકના ઈન્ડિયન ઓઈલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સ્ટેટ હેડ પી. પી. ગુર પ્રસાદ અને સંદીપ શર્મા, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (કોર્પોરેટ કમ્યુનિકેશન્સ એન્ડ બ્રાન્ડિંગ), એચઓની હાજરીમાં ઈન્ડેન એક્સ્ટ્રાતેજ એલપીજી બ્રાન્ડ માટે તદ્દન નવી વિડિયો કમર્શિયલનું અનાવરણ કર્યું હતું. ઈન્ડિયન ઓઈલના એક્સ્ટ્રાતેજ એલપીજી સિલિન્ડર્સના પ્રખર હિમાયતી, પ્રખ્યાત શેફ સંજીવ કપૂરે, રસોઈ ક્ષેત્રે કેવી રીતે પરિવર્તન આવ્યું છે તેના વિશે પોતાના અનુભવો રજૂ કર્યા હતાં.

### સ્ટુડન્ટ્સની આકરી ચકાસણી થશે

# કેનેડામાં ભારતીય સ્ટુડન્ટની સંખ્યા નવો રેકોર્ડ બનાવી રહી છે

## કેનેડાએ સ્વીકાર્યું છે કે તેની એજ્યુકેશન સિસ્ટમ માટે ભારત એક મહત્ત્વનો દેશ છે, પરંતુ વિદ્યાર્થીઓના હિત જળવાય તેવા પગલાં લેવા જરૂરી છે

નવી દિલ્હી, તા.૨૮

કેનેડા ઉચ્ચ અભ્યાસ માટે જઈ રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે અને તેમાં પણ ભારતીયો સૌથી આગળ છે. કેનેડામાં ભારતીય સ્ટુડન્ટની સંખ્યા નવો રેકોર્ડ બનાવી રહી છે ત્યારે તેમાં ખોટી માહિતી આપીને કે સિસ્ટમ સાથે ચેડા કરનારા લોકોથી કેનેડા પરેશાન છે. તેના કારણે હવે ઈમિગ્રન્ટ્સની આકરી ચકાસણી કરવાનો નિર્ણય લેવાયો છે તેથી તાજેતરમાં પંજાબના ૭૦૦ વિદ્યાર્થીઓ સાથે જે ઘટના બની હતી તે ફરીથી ન બને. હાલમાં ભારત સહિતના તમામ દેશોમાંથી મોટી સંખ્યામાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ કેનેડા જઈ રહ્યા છે.

૨૦૨૩ના પ્રથમ બે ક્વાર્ટરમાં ભારતીય વિદ્યાર્થીઓને લગભગ ૯૭ હજાર જેટલી પરમિટ ઈશ્યૂ થઈ હતી. ૨૦૨૨માં પણ આવી જ રીતે મોટી સંખ્યામાં સ્ટુડન્ટ કેનેડા ગયા હતા. ૨૦૨૨માં આખા વર્ષ દરમિયાન ૨.૨૬ લાખ ભારતીયોને સ્ટડી પરમિટ મળી હતી. એક તરફ સ્ટુડન્ટ વિઝાની સંખ્યા વધતી જાય છે ત્યારે બીજી તરફ કેનેડાની ઈમિગ્રેશન સિસ્ટમમાં ચેડા કરીને અથવા ખોટા કાગળો આપીને વિઝા મેળવવામાં આવે છે તેવી ફરિયાદો પણ વધી છે. તેના કારણે જ તાજેતરમાં લગભગ ૭૦૦ ભારતીય વિદ્યાર્થીઓને કેનેડાથી ડિપોર્ટ કરવામાં આવે તેવી નોબત આવી હતી, પરંતુ પછી મામલો ઠંડો પડી ગયો છે. હવે કેનેડાએ બનાવટ કરીને અથવા અપ્રામાણિક રીતે આવી રહેલા લોકો સામે પગલાં લેવાનું નક્કી કર્યું છે. કેનેડા સરકારે કહ્યું કે જે લોકો વિઝિટ કરવા માટે અથવા મુલાકાત લેવા કે સ્ટડી માટે કેનેડા આવે છે તેમના હિતનું રક્ષણ કરવામાં આવશે અને ઈમિગ્રેશન સિસ્ટમના છીંડાનો ઉપયોગ કરનારા સામે પગલાં લેવાશે. ખાસ કરીને સ્ટડી પરમિટ લેવા માટે જે અરજી કરવામાં આવે છે તેમાં જ કેટલીક વખત ફ્રોડ ડોક્યુમેન્ટ હોય છે. અમુક વિદ્યાર્થીઓ બનાવટી એક્સેપ્ટન્સ લેટર આપે છે. હવેથી આવા બધા ડોક્યુમેન્ટની ચકાસણી કરવામાં આવશે.

કેનેડાની એજ્યુકેશન સિસ્ટમ માટે ભારત એક મહત્ત્વનો દેશ છે કારણ કે અહીંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આવે છે, પરંતુ તેની સાથે સાથે કેટલીક બાબતોની ચોકસાઈ રાખવી પણ જરૂરી છે. હાલમાં ભારત, ચીન અને ફિલિપાઈન્સથી સૌથી વધારે વિદ્યાર્થીઓ કેનેડા આવે છે.આ ઉપરાંત કેનેડાના પીઆર એટલે કે પર્મેનન્ટ રેસિડન્સી મેળવવામાં પણ ભારતીયો આગળ છે. જૂન મહિના સુધીમાં ૮૪,૪૨૫ લોકોને કેનેડાના પીઆર મળ્યા હતા.

તાજેતરમાં કેનેડાના હાઈકમિશને મિડિયાને જણાવ્યું કે સ્ટુડન્ટે કેનેડા ભણવા જવું હોય તે શક્ય એટલી વહેલી અરજી કરી દેવી જોઈએ જેથી તેનું કામ ઝડપથી થાય. હાલમાં બાયોમેટ્રિક્સના એનરોલમેન્ટ પછી સ્ટડી પરમિટને પ્રોસેસ કરવામાં સાત સપ્તાહનો સમય લાગે છે. હાઈ કમિશને કહ્યું કે એપ્લિકેશન કેટલા સમયમાં પ્રોસેસ થઈ જાય તે જાણવા માટે આઈઆરસીસીની પ્રક્રિયા બરાબર સમજી લેવી જરૂરી છે. આ સિસ્ટમમાં અત્યારે બનાવટી લોકો પણ પ્રવેશી ગયા છે જેમને દૂર કરવા માટે પગલાં લેવામાં આવશે.

### મેઘસવારી પાછી ફરશે ખરી?

# સપ્ટેમ્બરના બીજા અઠવાડિયામાં ધડબડાટી બોલાવશે વરસાદ?

## બીજી તરફ કોઈ સિસ્ટમ સક્રિય ન હોવાથી સારા હાલ વરસાદની શક્યતા ન હોવાનું હવામાન વિભાગનું કહેવું છે

અમદાવાદ, તા.૨૮

ઓગસ્ટ મહિનો પૂરો થવા આવ્યો પરંતુ આખા મહિના દરમિયાન વરસાદે રાહ જોવડાવી છે. સારા વરસાદની આશા વચ્ચે માત્ર ઝાપટાથી જ સંતોષ માનવો પડ્યો છે. આવામાં લોકો રાહ જોઈ રહ્યા છે કે, આખરે સારો વરસાદ ક્યારે પડશે? સાથે જ ચર્ચા છે કે આખરે કેમ મેઘરાજા ગુજરાતથી રિસાયા છે? આગામી સમયમાં વરસાદની આગાહીની વાત કરીએ તો, હવામાન વિભાગે વ્યક્ત કરેલી સંભાવના પ્રમાણે આગામી ૩૧ ઓગસ્ટથી તો સમગ્ર ગુજરાતમાંથી લગભગ વરસાદ ગાયબ થઈ જશે. હળવા વરસાદ પણ જોવા નહીં મળે. જોકે, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે વરસાદ માટે સાનુકૂળ સ્થિતિ બનવાની સંભાવના વ્યક્ત કરી છે. તેમના મતે સપ્ટેમ્બરમાં વરસાદ થવાની સંભાવના છે. ગુજરાતમાં વરસાદનું વિલન કોણ? રાજ્યમાં સારા વરસાદ માટે હજુ રણ રાહ જોવી પડશે. અલનીનો ગુજરાતમાં વરસાદ માટે જાણે વિલન બની ગયું છે. બીજી તરફ કોઈ સિસ્ટમ સક્રિય ન હોવાથી સારા હાલ વરસાદની શક્યતા ન હોવાનું હવામાન વિભાગનું કહેવું છે. અલનીનો વિઘ્ન રૂપ હોવાથી પાકને જીવન દાન મળે તે અર્થે ખેડૂતોને હજુ પણ સારા વરસાદની રાહ જોવી પડશે. જોકે, ૩૦ તારીખ સુધી દક્ષિણના કેટલાક ભાગોમાં હળવાથી સામાન્ય વરસાદની વકી છે. પરંતુ તે બાદ એટલે કે ૩૧ તારીખથી તો વરસાદ લગભગ ગાયબ થયેલો જણાશે. જોકે, ૪-૫ સપ્ટેમ્બરમાં બંગાળના ઉપસાગરમાં તેના અવશેષરૂપી ગતિવિધિમાં વધારો થશે. આમ, બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થશે. વેલમાર્ક લો પ્રેશર બનશે અને જે ગતિવિધિના કારણે દેશના દક્ષિણપૂર્વના તટિય ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ છે. આ દરમિયાન દક્ષિણ ભારતના ભાગો, મહારાષ્ટ્ર, ઓરિસા, પૂર્વ રાજસ્થાન, પૂર્વ ઉત્તરપ્રદેશના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ છે. આ સાથે અંબાલાલ પટેલે ગુજરાતમાં પણ વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરીને જણાવ્યું છે કે, સપ્ટેમ્બરના પહેલા સપ્તાહમાં હવામાનમાં ફેરફાર થશે અને બીજા સપ્તાહમાં વરસાદ થવાની શક્યતાઓ છે. જેમાં ઉત્તર ગુજરાત, પંચમહાલના ભાગો, મધ્ય ગુજરાતના ભાગો, કચ્છના કેટલાક ભાગો, સૌરાષ્ટ્રના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે.

### સપ્તાહના કારોબારના પહેલા દિવસે બજારમાં તેજી

# સપ્તાહના કારોબારના પહેલા દિવસે બજારમાં તેજી

## બેન્કિંગ, ઓટો, ફાર્મા, મેટલ્સ, રિયલ એસ્ટેટ, એનર્જી, ઈન્ફ્રા કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેર તેજી સાથે બંધ

મુંબઈ, તા.૨૮

સપ્તાહના પહેલા દિવસે આજે માર્કેટમાં તેજી જોવા મળી હતી, સવારથી ખુલતા માર્કેટમાં તેજીનો પવન ફૂંકાયેલો રહ્યો. દિવસના અંતે સ્ટોક માર્કેટમાં બે મોટા ઈન્ડેક્સ બીએસએઇ સેન્સેક્સ અને એનએસઇ નિફ્ટી વધારા સાથે બંધ થયા હતા. દિવસના કારોબારના અંતે આજે બીએસઈનો ઈન્ડેક્સ સેન્સેક્સ ૦.૧૭ ટકા ઉપર રહી ૧૧૦.૦૯ પૉઈન્ટના ઉછાળા સાથે ૬૪,૯૯૬.૬૦ ના સ્તર પર બંધ રહ્યો હતો, જ્યારે દિવસના કારોબારના અંતે એનએસઈ નિફ્ટીમાં પણ ઉછાળો આવ્યો હતો, નિફ્ટી ૦.૨૧ ટકાના વધારા સાથે ૪૦.૨૫ પૉઈન્ટ ઉછળ્યો અને ૧૯,૩૦૬.૦૫ ના સ્તર પર બંધ રહ્યો હતો. આજે બન્ને ઈન્ડેક્સમાં વધારો જોવા મળ્યો હતો.

આજના કારોબારમાં બેન્કિંગ, ઓટો, ફાર્મા, મેટલ્સ, રિયલ એસ્ટેટ, એનર્જી, ઈન્ફ્રા કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેર તેજી સાથે બંધ થયા હતા. જ્યારે આઈટી, એફએમસીજી, ઓઈલ અને ગેસ સેક્ટરના શેર ઘટીને બંધ થયા હતા. આજના કારોબારમાં મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૭ વધ્યા અને ૧૩ નુકસાન સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦માંથી ૨૯ શેરો ઉછાળા સાથે અને ૨૧ નુકસાન સાથે બંધ થયા હતા. આજના વેપારમાં શેરબજારમાં ઉછાળા બાદ રોકાણકારોની સંપત્તિમાં ઉછાળો આવ્યો છે. બીએસઈપર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડી વધીને રૂ. ૩૦૭.૮૯ લાખ કરોડ થઈ છે, જે તેના પ્રથમ સત્રમાં ૩૦૬.૭૪ લાખ કરોડ રૂપિયા હતી. આજના વેપારમાં રોકાણકારોની સંપત્તિમાં ૧.૧૫ લાખ કરોડ રૂપિયાનો ઉછાળો જોવા મળ્યો છે.

આજના કારોબારમાં પાવર ગ્રીડ ૨.૫૦ ટકા, લાર્સન ૨.૦૯ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ. ૧.૯૫ લાખ કરોડ, એચડીએફસીબેંક ૧.૦૧ ટકા, સન ફાર્મા ૦.૮૯ ટકા, મારુતિ સુઝુકી ૦.૮૭ ટકા, એક્સિસ બેંક ૦.૬૮ ટકાના વધારા સાથે બંધ થયા હતા. ટકા જ્યારે રિલાયન્સ ૧.૧૧ ટકા, નેસ્લે ૦.૯૭ ટકા, એચસીએલ ટેક ૦.૬૭ ટકા, ટાઈટન કંપની ૦.૫૯ ટકા ઘટીને બંધ રહ્યા હતા.

### ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિકનો આક્ષેપ

# પહેલાની સરકારોને ઈસરો પર ભરોસો ન હતો : નંબી નારાયણ

## આવા રાષ્ટ્રીય પ્રોજેક્ટની વાત થશે તો વડાપ્રધાન સિવાય બીજું કોણ શ્રેય લેશે? પૂર્વ વૈજ્ઞાનિકનો સવાલ

નવી દિલ્હી, તા.૨૮

ભારતના ચંદ્રયાન-૩નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ થઈ ગયું છે. ઈસરોએ ચંદ્રયાન-૩ ચંદ્રનું દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડ થયા બાદ ઈતિહાસ રચી દીધો છે. ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક નંબી નારાયણે જણાવ્યું કે, પહેલાની સરકારોને ઈસરો પર વિશ્વાસ નહોતો. આ જ કારણ છે કે, ભારતીય સ્પેસ એજન્સીને પૂરતા પ્રમાણમાં બજેટ આપવામાં નહોતું આવતું.

ઈસરોના શરૂઆતના દિવસો વિશે વાત કરતા નંબી નારાયણનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો બીજેપીએ પણ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કર્યો છે. વીડિયોમાં ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક કહી રહ્યા છે કે, સરકારોએ ઈસરોને ત્યારે ફંડ આપ્યું જ્યારે તેણે પોતાની વિશ્વસનીયતા સ્થાપિત કરી લીધી.

નંબી નારાયણે કહ્યું કે, અમારી પાસે જીપ, કાર કે કંઈ પણ નહોતું. એનો અર્થ એ કે, અમને કોઈ બજેટ ફાળવવામાં નહોતું આવતું. માત્ર એક બસ હતી જે શિફ્ટમાં ચાલતી હતી. શરૂઆતના દિવસોમાં આવી સ્થિતિ હતી.

એપીજે અબ્દુલ કલામના સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (એસએલવી-૩)ના નિર્માણના સમયનો ઉલ્લેખ કરતા નંબી નારાયણે કહ્યું કે, તે સમયે બજેટ પૂછવામાં નહોતું આવતું, બસ આપી દેવામાં આવતુ હતું. તે ખૂબ જ મુશ્કેલ હતું. તેમણે આગળ કહ્યું કે, હું ફરિયાદ નહીં કરીશ પરંતુ સરકારને ઈસરો પર વિશ્વાસ નહોતો.

વીડિયોમાં જ્યારે ચંદ્રયાન-૩ની ઐતિહાસિક સફળતાનો તમામ શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદી લઈ રહ્યા છે તેવા વિપક્ષના આરોપો પર સવાલ પૂછવામાં આવ્યો ત્યારે નંબી નારાયણે કહ્યું કે આવા રાષ્ટ્રીય પ્રોજેક્ટની વાત થશે તો વડાપ્રધાન સિવાય બીજું કોણ શ્રેય લેશે? તમે ભલે વડા પ્રધાનને પસંદ નથી કરતા એ તમારી સમસ્યા છે પરંતુ તમે તેમની પાસેથી ક્રેડિટ ન છીનવી શકો. તમે વડા પ્રધાનને પસંદ નથી કરતા આ કારણોસર તમે તેમને પોસ્ટ પરથી હટાવી ન શકો.

નંબી નારાયણનું જીવન કોઈ ફિલ્મી સ્ટોરીથી ઓછું નથી. ૧૯૪૧માં તમિલ પરિવારમાં જન્મેલા નંબી નારાયણે કેરળના તિરુવનંતપુરમમાંથી એરોસ્પેસ એન્જિનિયરિંગમાં એમટેકની ડિગ્રી લીધી હતી. આગળના અભ્યાસ માટે તેઓ ફેલોશિપ પર અમેરિકાની પ્રિન્સટન યુનિવર્સિટી ચાલ્યા ગયા હતા. અમેરિકાથી પરત ફર્યા બાદ તેમણે ઈસરોસાથે કામ કરવાનું શરૂ કર્યું. તેમણે તેમની કારકિર્દીમાં વિક્રમ સારાભાઈ, સતીશ ધવન અને એપીજે અબ્દુલ કલામ જેવા દિગ્ગજો સાથે કામ કર્યું હતું. તેમને ભારતમાં લિક્વિડ ફ્યુઅલ રોકેટ ટેક્નોલોજીનો શ્રેય આપવામાં આવે છે જેના પછી દેશમાં રોકેટ ઈન્ડસ્ટ્રીને વેગ મળ્યો. ૧૯૯૪માં નંબી નારાયણના જીવનમાં એક મોટો વળાંક આવ્યો જ્યારે તેમના પર જાસૂસીનો આરોપ લગાવવામાં આવ્યો. આરોપ એ હતો કે, તેમણે સ્પેસ પ્રોગ્રામ સાથે જોડાયેલી માહિતી બે બહારના લોકો સાથે શેર કરી હતી જેમણે તે માહિતી પાકિસ્તાન સુધી પહોંચાડી દીધી હતી. તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. જાસૂસીના આરોપો વિરુદ્ધ નંબી નારાયણે લાંબી લડાઈ લડી અને ૧૯૯૬માં સીબીઆઈ કોર્ટે આરોપો ફગાવી દીધા હતા. આ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો જ્યાં સુપ્રીમ કોર્ટે ન માત્ર નિર્દોષતા પર મહોર લગાવી પરંતુ કેરળ સરકારને વળતર આપવાનો પણ આદેશ આપ્યો. કેરળ સરકારે નારાયણને ૧.૩ કરોડનું વળતર આપ્યુ હતું.

# સોનાનો ભંડાર ધરાવતા દેશોની યાદીમાં ઈટાલીનું નામ ત્રીજા નંબરે

## ફ્રાન્સમાં ગોલ્ડ રિઝર્વ તરીકે ૨૪૩૭ મેટ્રિક ટન સોનું છે, આ યાદીમાં ટોપ-૫માં બ્રિટન જેવા દેશનું નામ નથી

નવી દિલ્હી, તા.૨૮ વિશ્વમાં ટોપ-૫ ગોલ્ડ રિઝર્વ ધરાવતા દેશોની યાદીમાં અમેરિકાનું નામ પ્રથમ આવે છે. અમેરિકા પાસે વિશ્વમાં સૌથી વધુ ૮ હજાર ૧૩૩ મેટ્રિક ટન સોનાનો ભંડાર છે. ગોલ્ડ રિઝર્વના સંદર્ભમાં, બીજા યુરોપિયન દેશ જર્મનીથી આવે છે. જર્મની પાસે ૩ હજાર ૩૫૫ મેટ્રિક ટન સોનું રિઝર્વમાં રાખવામાં આવ્યું છે. જોકે. અર્થતંત્રની બાબતમાં ઘણા દેશો જર્મની કરતા આગળ છે. વિશ્વમાં સૌથી વધુ સોનાનો ભંડાર ધરાવતા દેશોની યાદીમાં ઈટાલીનું નામ ત્રીજા નંબરે આવે છે. ઈટાલી પાસે ૨ હજાર ૪૫૨ મેટ્રિક ટન સોનું ગોલ્ડ રિઝર્વ તરીકે સુરક્ષિત છે. યુરોપિયન દેશ ફ્રાન્સનું નામ પણ સૌથી વધુ ગોલ્ડ રિઝર્વ ધરાવતા દેશોમાં ચોથા નંબરે આવે છે. ફ્રાન્સમાં ગોલ્ડ રિઝર્વ તરીકે ૨૪૩૭ મેટ્રિક ટન સોનું છે. આ યાદીમાં ટોપ-૫માં બ્રિટન જેવા દેશનું નામ નથી. ગોલ્ડ રિઝર્વના મામલામાં પાંચમો નંબર રશિયાનો આવે છે, રશિયા પાસે ૨૩૩૦ મેટ્રિક ટન ગોલ્ડ રિઝર્વ છે. આ યાદીમાં ચીનનું નામ ૨૧૧૩ ટન સોના સાથે છઠ્ઠા નંબર પર આવે છે. તે જ સમયે, આ યાદીમાં ભારતનું નામ ઘણું પાછળથી આવે છે. ભારત ૭૮૭ એમટી ગોલ્ડ રિઝર્વ સાથે ૯મા નંબરે છે.

# લીલીયા મોટા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓનું SP દ્વારા સન્માન



લીલીયા મોટા ખાતે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પૃથ્વીરાજસિંહ મોરી, સિધ્ધરાજસિંહ જાડેજા, નિકુલભાઈ શેલાનાનું અમરેલી એસપી હિંમકરસિંહ દ્વારા આ ત્રણેય પોલીસ કર્મચારીનું શ્રેષ્ઠ કામગીરી બદલ અમરેલી એસ.પી. કચેરી ખાતે સન્માનપત્ર એસ.પી. દ્વારા આપવામાં આવેલ હોય ત્યારે લીલીયા પી.એસ.આઈ. એસ.આર. ગોહિલ દ્વારા આ પોલીસ કોન્સ્ટેબલોને શુભ કામના આપવામાં આવેલ જયારે લીલીયા પોલીસ પરિવારનાં ત્રણ પોલીસ કર્મીઓને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરાતા લીલીયા પોલીસ સ્ટેશનનું નામ રોશન કરાતા લીલીયા પોલીસ પરિવાર દ્વારા આ ત્રણેય પોલીસ કર્મીઓને શુભકામના પાઠવવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં સરકારી યુનિવર્સિટીની માંગ

સહિતની સમસ્યા વચ્ચે જિલ્લાને એક યુનિવર્સિટીની પણ સુવિધા મળી નથી.

દરમિયાનમાં કોંગ્રેસ પક્ષની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈનાં ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ કેતન ખુમાણની આગેવાનીમાં વિદ્યાર્થી અગ્રણીઓએ અમરેલીની પ્રતાપરાય આર્ટસ અને કમાણી સાયન્સ કોલેજનાં વિદ્યાર્થીઓની સંગાથે સહી ઝુંબેશ શરૂ કરીને અમરેલીને યુનિવર્સિટીની સુવિધાની માંગ કરી હતી.

વિદ્યાર્થી નેતાઓએ "અમરેલી એકસપ્રેસ" કાર્યાલયની મુલાકાત લઈને જણાવ્યું હતું કે, અમરેલી એ સૌરાષ્ટ્રનો મહત્વનો જિલ્લો છે. જિલ્લાનું ક્ષેત્રફળ ૧૫૦ કિ.મી. દૂર ફેલાયેલ છે. જાફરાબાદનાં વિદ્યાર્થીને યુનિવર્સિટીનાં કામ અર્થે રાજકોટ ખાતે એટલે કે ૨૫૦ કિ.મી. દૂર આવેલ યુનિવર્સિટી સુધી લાંબા થવું પડે છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી ખાતે યુનિવર્સિટીનાં અભાવે જિલ્લાનાં વિદ્યાર્થીઓ અને ખાસ કરીને વિદ્યાર્થીનીઓને માસ્ટર ડીગ્રી, પીએચડી, યુપીએસસી કે જીપીએસસીની પરીક્ષા કે અભ્યાસક્રમ માટે રાજકોટ જવું પડે છે. જે દરેકને અનુકુળ ન હોવાથી અભ્યાસ અધુરો છોડી દેવો પાડે છે.

આમ યુનિવર્સિટીનાં અભાવે જિલ્લાનાં હજારો વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની કારકીર્દિ બની શકતી ન હોય આ મામલે જિલ્લાનાં દરેક રાજકીય આગેવાનો, સ્વૈચ્છીક અને વ્યાપારીક સંસ્થાઓ સહિત તમામને સહકારમાં જોડાવવા અનુરોધ કરાશે તેમ અંતમાં જણાવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૨૦ | ૧૪૭૦ |
| ૨ | શિંગ મઠડી નવી | ૮૯૫ | ૯૯૫ |
| ૩ | શિંગ મોટી | ૧૧૩૦ | ૧૫૩૬ |
| ૪ | શિંગ મોટી નવી | ૮૭૦ | ૧૧૫૨ |
| ૫ | શિંગદાણા | ૧૩૪૦ | ૨૦૦૦ |
| ૬ | શિંગદાણા ફાડા | ૧૩૯૦ | ૨૦૦૦ |
| ૭ | તલ સફેદ | ૧૮૮૦ | ૩૨૩૫ |
| ૮ | તલ કાળા | ૧૫૯૦ | ૩૨૧૯ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૩૯૪ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૧૦૫૨ |
| ૧૧ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૫૫૭ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૫૪ | ૫૩૫ |
| ૧૩ | મગ | ૮૦૦ | ૧૨૨૬ |
| ૧૪ | ચણા | ૭૫૦ | ૧૧૪૦ |
| ૧૫ | ચણા દેશી | ૧૦૭૫ | ૧૨૪૦ |
| ૧૬ | તુવેર | ૮૫૦ | ૧૪૦૧ |
| ૧૭ | કપાસ | ૯૭૦ | ૧૫૭૮ |
| ૧૮ | નવો કપાસ | ૧૨૨૦ | ૧૫૩૭ |
| ૧૯ | એરંડા | ૧૦૬૦ | ૧૨૦૦ |
| ૨૦ | ગમ ગુવાર | ૧૧૭૦ | ૧૧૭૧ |
| ૨૧ | ધાણા | ૮૪૦ | ૧૩૦૪ |
| ૨૨ | ધાણી | ૧૦૫૬ | ૧૩૨૦ |
| ૨૩ | અજમા | ૨૪૭૫ | ૩૫૦૦ |
| ૨૪ | સોયાબીન | ૮૬૦ | ૯૨૩ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીની સિવિલ હોસ્પિટલમાં

લાખનું વળતર ચુકવવા આદેશ કરેલ.

રાજય સરકારનાં આદેશ બાદ પણ હોસ્પિટલનાં સંચાલકો આર્થિક વળતર ચુકવવામાં ઠાગાઠૈયા કરતાં હોય પીડિતોએ અનેક વખત રજુઆત કરવા છતાં ન્યાય ન મળતાં આવતીકાલ મંગળ વારે સિવિલ હોસ્પિટલનાં મેદાનમાં અર્ધનગ્ન હાલતમાં દેખાવો કરવાની ફરજ પડી છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં બાયપાસને

ચોમાસાની ઋતુને કારણે બંધ હોય છે એટલે આપણે ડામરને ઓગાળવો પડે અને તે માટે પેટ્રોલ જોઈએ જેના પૈસા અમારા ખાતા પાસે અત્યારે નથી. આ માટે અમે સરકારમાં માંગણી કરી છે અને સરકાર તરફથી ગ્રાન્ટ મળશે પછી જ આ કામ હાથ ધરવામાં આવશે. તેમનાથી ઉપરના અધિકારી એટલે કે નાયબ કાર્યપાલક ઈજનેર કે જેનું હેડ કવાર્ટર લીંબડી છે અને હાલ અમરેલીના ચાર્જમાં છે તેમનો સંપર્ક કરવાની કોશિષ કરતા તેઓ ગાંધીનગર ખાતે મંત્રીઓ સાથે મિટિંગમાં બીઝી હતા. હવે જમીની વાસ્તવિકતા એ છે કે હાલમાં જે આ મસમોટા ખાડાઓ પુરવા જે કપચા નાખવામાં આવ્યા છે તેનાથી સમસ્યા ઉકેલવાને બદલે વધારે વણસી છે. કારણ કે આ કપચાના ઢગલા ઉપર ટુ વ્હીલર ચાલી જ ન શકે અને સ્લીપ જ થઈ જાય અને ફસાઈ પણ જાય અને રાત્રે જો ટુ વ્હીલર પર બાળકો અને પોતાના ફેમિલી સાથે કોઈ નીકળ્યું હોય અને વળી અજાણ્યા હોય અને તેમને આ ખ્યાલ ન હોય તો સામેથી હેવી વાહનોની લાઈટમાં જો તેમની આંખ અંજાય જાય તો જીવલેણ અકસ્માતની શકયતા છે. એમ આ બાયપાસ ઉપર દરરોજ કાયમ માટે વોકિંગ કરતા ક્ષત્રિય અગ્રણી પ્રતાપભાઈ ખુમાણ ખૂબ જ રોષ સાથે જણાવે છે. બીજું કે અકસ્માત થઈ જાય અને કોઈનો જીવ જાય પછી જ બધા દોડે છે અને ત્યારબાદ જ આવા પ્રશ્નોના ઉકેલ આવે છે તો અગાઉ કેમ નહીં..?! તેમણે વધુમાં ચીમકી ઉચ્ચારીછે કે, આ સમસ્યા બાબતે છેલ્લા એકાદ મહિનાથી તમામ જવાબદાર અધિકારીઓનું સતત ધ્યાન દોરવામાં આવેલ છે છતાં સમસ્યા ત્યાંની ત્યાં જ છે. માટે જો કોઈ નિર્દોષની જાનહાની આ ખાડાઓને કારણે થશે તો ગુજરાત હાઈકોર્ટમાં જવાબદાર તમામ અધિકારીઓ સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો પોતે ફરિયાદી બની દાખલ કરાવશે.

આ હાઈવે અત્યંત બિસ્માર હાલતમાં હોવા અંગેનાં અહેવાલો સમયાંતરે વિવિધ મીડિયામાં ચમકતા રહ્યાં છે, પરંતુ પરિણામ શૂન્ય. હમણાં ૨ દિવસ પહેલાં તમામ અધિકારીઓ અને પદાધિકારીઓને એક વીડિયો મોકલી આ બાબતે ધ્યાન દોર્યું હતું પણ કોઈ અસર થઈ નથી.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૦૦ |
| ૨ | શીંગ નવી | ૮૫૧ | ૧૧૦૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૨૩૦ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૩૨૫૦ |
| ૫ | કપાસ | ૧૦૩૫ | ૧૫૭૫ |
| ૬ | કપાસ નવો | ૧૦૨૫ | ૧૫૧૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૪૯ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૬૦ |
| ૯ | બાજરો | ૩૭૦ | ૪૩૦ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૯૨૮ |
| ૧૧ | મકાઈ | – | ૪૯૩ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૩૦૧ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૪૯ |
| ૧૪ | ધાણા | ૧૨૦૦ | ૧૪૨૫ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી અને સાવરકુંડલાનાં "જનસેવા" કેન્દ્રનાં

કોન્ટ્રાકટ બેઈઝ કર્મીઓનાં છેલ્લા ૪ થી ૬ માસનો ચડત પગાર રાજકોટની શ્રી મીડીયેટ રિક્રુટ મેનેજમેન્ટ પ્રા.લી. વાળાએ નહી ચુકવી તથા પગારની રકમનાં આપેલ ચેકનું પણ પેમેન્ટ સ્ટોપ કરાવી દેતા આવા કર્મચારીઓને પગાર મળવાનું તો દૂર રહ્યું પરંતુ ચેક રીટર્ન થવાનાં કેસમાં ચાર્જ પણ બેન્ક દ્વારા કપાયા છે.

અમરેલી જિલ્લા કલેકટર કચેરીનાં ભોંયતળીયે આવેલ જનસેવા કેન્દ્ર ચાલે છે. જેમાં અમરેલીનાં આ જનસેવા કેન્દ્રમાં ૩૩ જેટલા કોન્ટ્રાકટ બેઈઝ કર્મીઓ કામગીરી કરે છે. આ તમામ કર્મચારીઓને રાજકોટનાં શ્રી મીડીયેટ રિક્રુટ મેનેજમેન્ટ પ્રા.લી. ધ્વારા નિયુકત કરવામાં આવ્યા છે.

પરંતુ રાજકોટની આ એજન્સી ધ્વારા અમરેલી જનસેવાનાં કર્મચારીઓને પગાર નહી ચુકવતા અગાઉ હડતાલ પાડવાની ચીમકી આપી હતી.જેથી એજન્સીએઆ કર્મીઓને પગારનાં ચેક લખી આપ્યા હતા. જેથી આવા કર્મચારીઓએ હડતાલ નહી પાડી કામગીરી કરતા હતા. પરંતુ એજન્સી તરફથી આપવામાં આવેલા ચેક બેન્કમાં નાખવામાં આવ્યા બાદ ચેક લખી આપનાર પાર્ટી દ્વારા સ્ટોપ પેમેન્ટનાં શેરા સાથે બેન્કમાંથી પરત ફર્યા હતા. જેથી આ કર્મચારીઓનાં બેન્ક ખાતામાંથી ચેક રીટર્નનો ચાર્જ વસુલાયો હોય કર્મચારીઓને પડયા ઉપર પાટું પડયા જેવો ઘાટ થવા પામેલ છે.

ત્યારે અમરેલીનાં જનસેવામાં કામ કરતા આવા કર્મચારીઓને માસીક વેતન માત્ર રૂા. ૭૨૦૦ આપવામાં આવે છે ત્યારે સમયસર પગાર નહી મળતાં જનસેવામાં કામ કરતા કોન્ટ્રાકટબેઈઝ કર્મીઓ હડતાલ ઉપર ઉતરી જતાં કામગીરી ઠપ્પ થવા પામી છે.

**સાવરકુંડલા**

સાવરકુંડલા ખાતે જન સેવા કેન્દ્રના કર્મચારીઓ હડતાલ ઉપર ઉતરી ગયા છે જેનાં કારણે આવક જાવકના દાખલાઓ, રેશનકાર્ડમાં નામ ચડાવવું, નામ કાઢવું તેમજ સ્ટેમ્પ પેપર દસ્તાવેજને લાગતી કામગીરી તેમજ ૭/૧૨, ૮–અ વિગેરે કામગીરીમાં લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. ગતિશીલ અને વિકાસશીલ ગુજરાતમાં સાવરકડલા તાલુકાની જનતા ભારે મુશ્કેલીઓ વેઠી રહી છે.

છેલ્લા છ–છ મહિનાથી કર્મચારીઓને પગાર દેવામાં ન આવે છતાં પણ વિકસિત ગુજરાત? જનસેવા કેન્દ્રના કર્મચારીઓની હળતાલથી લોકોના જરૂરી અને અતિ જરૂરી કામ અટકી પડયા છે. તેથી ગુજરાત સરકાર તાત્કાલિક પગાર ચૂકવી નાના કર્મચારીઓનાં પ્રશ્નો હલ કરે અને લોકોની સમસ્યાઓ તાત્કાલિક ઉકેલવવા સરકાર કમર કસે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૪૦૧ | ૩૧૫૦ |
| ૨ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૫૦૫ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૪૩૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૧૨ | ૫૦૧ |
| ૬ | જુવાર | ૯૫૦ | ૧૦૦૦ |
| ૭ | અડદ | ૧૭૫૭ | ૧૭૫૭ |
| ૮ | તુવેર | ૨૦૨૦ | ૨૦૨૦ |
| ૯ | ચણા | ૬૦૦ | ૧૦૭૦ |
| ૧૦ | સોયાબીન | ૯૦૦ | ૯૦૨ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીની રાખડી બજારમાં

કામચલાઉ ઉભા થયેલા સ્ટોલ ઉપર ભારે ભીડ જોવા મળતી નથી.

અમરેલી ખાતે રાખડીનું વેંચાણ કરતાં વેપારી મહેશભાઈએ જણાવ્યું હતું કે, દર સાલ રાખડીનાં તહેવારોમાં અગાઉથી જ મહિલાઓ પોતાનાં ભાઈને રાખડી બાંધવા માટે રાખડીની અવનવી રાખડી ખરીદી માટે દુકાનો તથા સ્ટોલ ઉપર ટોળા વળે છે. પરંતુ ચાલુ સાલે તેવી ભીડ જોવા મળતી નથી.

રાજુભાઈ રાખડી વાળાએ જણાવ્યું હતું કે, કોરાનાં કાળ બાદ લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી પડી છે. લોકોની બચત ખર્ચાઈ ગઈ છે. હજુ પણ કેટલાંક લોકોની પોતાની જીવન જરૂરીયાત પુરતું કમાતા થયાં છે. ત્યારે લોકોવાર તહેવારમાં કરકસર કરે છે. ત્યારે લોકો રાખડી ખરીદીમાં ઓછા ભાવની કે સસ્તી રાખડી વધુ પંસદ કરી રહયાં છે.

એક બાજુ તહેવારોનો મહિનો હોય ત્યારે લોકો પાસે બચત કરેલ રૂપિયા પણ ના હોય તો બીજી તરફ મોંઘવારીએ પણ માઝા મુકી છે. ત્યારે લોકોની ખરીદ શકિત ખુબ જ ઘટી છે જેને લઈ અમરેલી શહેરમાં રાખડીની બઝારમાં પણ મંદીની અસર જોવા મળી રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું ધારી પો.સ્ટે.માં નોંધાયેલ

ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય જેથી ટેકનિકલ સોર્સ અને બાતમી હકીકત આધારે ધારી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા આરોપી (૧) અબ્દુલકાદીર હૈયાતખાત રીન્દ (૨) આપાભાઈ ઓઢાભાઈ રહે. ધારી હિમખીમડીપરા ધારીનાં હિમખીમડી વિસ્તારમાંથી તથા (૩) સંજયગીરી સોમપરી ગૌસ્વામી રહે. જેતપુર નવાગઢ ખોડીયારધાર હનુમાનજીનાં મંદિરની બાજુમાં તા. જેતપુર ખાતેથી પકડી પાડવામાં આવેલ

ના.પો.અધિ. એચ.બી. વોરા સાવરકુંડલા વિભાગની સુચના અન્વયે પો.ઈન્સ. એ.એમ. દેસાઈનાઓની રાહબરી હેઠળ તથા પો.સબ.ઈન્સ. એચ.જી. મારૂનાં માર્ગદર્શન હેઠળ ધારી પો.સ્ટે.ની સર્વેલન્સ ટીમનાં હેડ કોન્સ મનુભાઈ રામભાઈ માંગાણી તથા પો.કોન્સ. રામકુભાઈ આલેગભાઈ કહોર તથા પો.કોન્સ. આલીંગભાઈ ચંપુભાઈ વાળા તથા એ.એસ.આઈ. આર.બી. સમા તથા હેડ કોન્સ. જીતેન્દ્રભાઈ પ્રવિણભાઈ ભેડા તથા પો.કોન્સ. અનકભાઈ કાળુભાઈ મોભ તથા હેડ કોન્સ. કુમારસિંહ કેશુભા રાઠોડ દ્વારા કરવામાં આવેલ છે.


## જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તમામ તેમજ જાહેર જનતાને જણાવવાનું કે **(૧) દુદાભાઈ રામજીભાઈ વાળા, તથા (૨) મંગાભાઈ (ઉર્ફે મંગલભાઈ) રામજીભાઈ વાળા**, બન્ને રહેવાસી–રાજુલાનાએ ગુજરાત રાજયનાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખુદ રાજુદા શહેરનાં ગામતળ માં કુંભારવાડા વિસ્તારમાં ગલી નંબર – ૩ માં આવેલ મિલકત (ખુલ્લી જમીન) કે જેનો રાજુલા સીટી સર્વે કચેરીનાં રજીસ્ટરે શીટ નં.–૬૧, તથા ચાલતા નં.–૪૯, તથા સી.સ.નં.–૩૬૪૩ છે. જેનું કુલ ક્ષેત્રફળ ૯૩.૧૨ ચો.મી. છે. તે રેકડ મુજબની અને તેની અસલ હદ મરજાદ વાળી સદરહું મિલકત તેઓનાં પીતાં **કુંભાર રામજીભાઈ આતાભાઈ શાખે–વાળા**ની વારસાઈ દરજ્જે તેમજ તેઓની માતા અને અન્ય ભાઈઓ અને બહેનોનાં નામ (હકક) કમી થતા તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજા ભોગવટાની બોજારહીત અન્ય કોઈનાં કોઈપણ પ્રકારનાં હકક હીત વગરની તદ્દન ટાઈટલ કિલયર હોવાનું જણાવી અમોને વેચાણ આપવાનું નકકી કરેલું છે. તો સદરહું જમીન ઉપર જો અન્ય કોઈપણનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૧૫ (પંદર)માં અમોને તે બદલનાં પુરાવા સહીત લેખિત જાણ રજીસ્ટર એડી.થી નીચેનાં સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહું જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, ટાઈટલ્સ કલીયર છે તેમ સમજી અમારા દ્વારા સદરહું જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે. અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહી.

તારીખ: ૨૪/૦૮/૨૦૨૩

**લી.માસુમાબાનું ઈમરાન લાખાણી**

સરનામું: જીવા બાવા ચોક, કુમાર શાળા નં.૩ પાસે, ગોંદરા શેરી, રાજુલા,
તા.રાજુલા, જિલ્લો–અમરેલી, પિન કોડ–૩૬૫૫૬૦, ફોન નંબર: ૯૮૨૪૬૧૫૯૭૨, ૯૪૨૮૭૯૮૩૮૭


# બગસરામાં ઝવેરચંદ મેઘાણીની ૧૨૭મી જન્મ જયંતિએ પ્રતિમાને હારતોરા કરી વંદન કરાયા



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલીનાં બગસરા શહેરમાં શિવાજી ચોક ખાતે શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૭મી જન્મ જયંતી નિમિત્તે ઝવેરચંદ મેઘાણીની પ્રતિમાને હારતોરા કરી પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યા શિવા ગૃપ પ્રમુખ નિતેષભાઈ ડોડીયા સહિત સભ્યો દ્વારા ઝવેરચંદ મેઘાણીની પ્રતિમાનું નિર્માણ કરાયું. આ તકે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીનાં ચેરમેન રશ્વિનભાઈ ડોડીયા, પ્રાંત ઓફિસર પૂજાબેન જોટાણીયા, ડેપો મેનેજર ગઢવી મેડમ મેઘાણી હાઈસ્કુલનાં પ્રિન્સીપાલ, એન.સી.સી.નાં વિદ્યાર્થી, રમેશભાઈ ગોહિલ, નાયબ મામલતદાર ભીંડી સહિત મહાનુભાવ ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૭મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે પ્રતિમાની હારતોરા કરી વંદન કર્યા.

# સાવરકુંડલા ખાતે શબદ ગૃપ દ્વારા 'અમરત પિયાલા' વાંચન અભિયાનનો પ્રથમ વાર્ષિક મહોત્સવ યોજાયો






સાવરકુંડલામાં ગત વર્ષે મેઘાણી જયંતીનાં રોજ અને શ્રી સર્વોદય સરસ્વતી વિદ્યાલય બાબાપુર અને આઝાદીનાં અમૃત મહોત્સવરૂપે શરૂ થયેલ આ પુસ્તક અભિયાન અવિરત રૂપે શરૂ રહેશે એવા સંકલ્પ સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન શાંતિભાઈ રાણીંગા સાથોસાથ જયંતીભાઈ ખડદીયા, રજનીભાઈ, અમરશીભાઈ, ધીરૂભાઈ, મનીષભાઈ વિંઝુડા, અલ્પાબહેન રાવળ, હર્ષાબહેન ચૌહાણ, ધર્મેન્દ્રભાઈ કનાલા, પાંધી, ભૂરાણીભાઈ, નિર્મળભાઈ ઠાકર, વિજયભાઈ મહેતા તેમજ સાવરકુંડલાના સૌ વાંચક મિત્રો હાજર રહ્યા હતા. અને પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. મેઘાણી વંદના બાદ વાંચન અભિયાન વિશે અમિતભાઈ ચાવડાએ કાર્યક્રમનાં હેતુની વાત તેમજ ભવિષ્યમાં બાળ વિભાગ શરૂ કરવાની વાત કરી હતી. સૌ વાંચક મિત્રોએ આ વાંચન અભિયાન દ્વારા યોગ્ય દિશાનું સર્જનાત્મક કાર્ય થઈ રહ્યું છે. તેવા અભિપ્રાય આપવામાં આવ્યા હતાં. શાંતિભાઈ રાણીંગાએ ઉપસ્થિત સૌ વાંચક મિત્રોને ઝવેરચંદ મેઘાણીનાં જીવન–કવન વિશે ગાયન સાથે ઊંડાણપૂર્વક વાત કરી હતી. શબદ મિત્ર મનસુખભાઈ વાળા દ્વારા આ કાર્યક્રમ હવેથી દર મહિનાનાં છેલ્લા રવિવારે પ્રજાપતિ વાટલિયા બોર્ડિંગ ખાતે યોજાતો રહેશે. તેવી ખાતરીપૂર્વકની વાત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં વિપુલભાઈ કંટારીયા, શૈલેષભાઈ ખીમસુરિયા, જેસીંગભાઈ જીતિયા, રાહુલભાઈ ગોહિલ, રમેશભાઈ વાઘેલા, પ્રવીણભાઈ કુરિયા, સંજયભાઈ પુધેરા વગેરે શબદ મિત્રોનાં સહકાર અને સમન્વયથી અમરત પિયાલા વાર્ષિક મહોત્સવ કાર્યક્રમ સફળ રહ્યો હતો. આ શૃંખલામાં ૭૦ જેટલા વાંચક મિત્રો પુસ્તકો વાંચવા લઈ ગયા હતા.

### પ્રદેશ કોંગી પ્રમુખ શકિતસિંહ ગોહિલ ઉકળી ઉઠયા

## લ્યો બોલો : રૂપિયા ૩૯૦૦ કરોડનાં કથિત કૌભાંડમાં સરકારનાં મંત્રીનો લુલ્લો બચાવ

### સમગ્ર બનાવની તટસ્થ તપાસ કરવાની માંગ કરી

અમરેલી,તા.૨૮

રાજયસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ૨૬ ઓગષ્ટ–૨૦૨૩, શનિવારે નવી દિલ્હી અને અમદાવાદ ખાતેથી ખાસ પ્રેસ કોન્ફરન્સમાં દસ્તાવેજી પુરાવા સાથે ૩,૯૦૦ કરોડ રૂપિયા કેવી રીતે માનીતા ઉદ્યોગપતિને આપી દેવામાં આવ્યા છે. તેની હકીકતો રજુ કરવામાં આવી હતી. સંપુર્ણ ખોટી રીતે અપાયેલા ૩૯૦૦ કરોડ રૂપિયા વસુલ કરવા જોઈએ તે સ્વીકારવાના બદલે ગઈકાલે ગુજરાત સરકારના એક મંત્રી દ્વારા સંપુર્ણ કૌભાંડને છાવરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો અને એકપણ સત્ય હકીકત કે કોઈને પણ ગળે ઉતરી શકે તેવી મુદાવાર વાત કરવામાં આવી નહોતી ત્યારે આજે ગુજરાત સરકારનાં મંત્રીએ કરેલા સંપુર્ણ આધારવિહીન ખુલાસા પછી કેટલાક વધારાનાં સવાલો ઉભા થાય છે. અને હું પુછવા માંગું છું કે, જે પત્ર મેં પ્રેસ કોન્ફરન્સમાં રજુ કર્યો હતો. તે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો જ હતો અને એમાં કોઈપણ જાતની છેડછાડ થઈ હોય તેવું મંત્રી પણ બોલ્યા નથી. ત્યારે GUVNL ના સરકારના તા.૧૫/૫/૨૦૨૩ના પત્રમાં જ સ્પષ્ટ રીતે લખાયુ છે. કે અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ દ્વારા કોઈપણ પ્રકારનાં બિલો, સપોર્ટીંગ ડોકયુમેન્ટસ કે રીપોટર્સ પાંચ વર્ષ સુધી રજુ કરવામાં નથી અને સ્પષ્ટ રીતે એ પત્રમાં જ લખાયું છે કે, જે કિંમત કોલસાની બતાવવામાં આવી છે. તે બજારકિંમત કરતા ખુબ જ ઉંચી બતાવવામાં આવી છે. આ જ પત્રમાં સ્પષ્ટ રીતે લખવામાં આવ્યું છે. કે, મંત્રાલય દ્વારા જ સ્પષ્ટ રીતે કહેવાયું છે કે ARGUS ની કિંમતને



જ ધ્યાને લઈને અદાણી પાવર મુન્દ્રા લિમિટેડને પૈસા ચુકવી શકાય, ગુજરાત સરકારના મંત્રી આ પત્રમાં જે વ્યવસ્થિત વસ્તુ લખાયેલ છે. તે કેમ સ્વીકારતા નથી ? આ પત્રમાં સ્પષ્ટ લખાયું છે કે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનાં બોર્ડમાં નકકી થયું છે. અને તે મુજબ કિંમત ધ્યાને લેતાં રૂા.૩,૯૦૦ કરોડનું વધારાનું ચુકવણું અદાણી પાવર મુન્દ્રા લિમિટેડને કરી દેવામાં આવ્યું છે. તો સવાલ એ છે કે ગુજરાત સરકારનાં મંત્રી સરકારનાં જ પોતાનાં GUVNL ના બોર્ડમાં થયેલ ઠરાવને શું ખોટો ગણે છે. ? જો અધિકારીઓએ પોતે જ પોતાનાં પત્રમાં લખ્યું છે. કે અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ ઉંચા ભાવે કોલસાની વાત કરે છે. જે બજારકિંમતે નથી અને બિલો કે ડોકયુમેન્ટસ પણ રજુ કરતા નથી, તો શું ગુજરાત સરકાર પોતાનાં જ વિભાગનાં અધિકારીઓનાં લખાયેલ પત્રને સ્વીકારતા નથી ? મંત્રી દ્વારા કોઈપણ મુદાનો ખુલાસો કરવામાં આવ્યો નથી.

વધુમાં શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, જો મેં પ્રેસ કોન્ફરન્સમાં GUVNL નો પત્ર ખોટો હોય અથવા તેમાં કોઈ ચેડા થયા હોય તો મારી સામે સરકાર કેસ કરે અને નહીં તો GUVNL કે જે સરકારનું જ બોર્ડ છે. તેને સંપુર્ણ વિચારણાનાં અંતે તેમજ સરકારનાં ઉર્જા વિભાગે આપેલ સુચના મુજબ જયારે ARGUS ના ભાવ મુજબ ગણતરી કરીને રૂા.૩,૯૦૦ કરોડ પાછા આપી દેવા માટે જણાવ્યું છે તે પૈસા કેમ પાછા લેવામાં નથી આવતા ? જે રૂા.૩,૯૦૦ કરોડ વધારાનાં ચુકવાયા છે તેનું વ્યાજ ધ્યાને લેવામાં આવ તો બેંકના સાદા વ્યાજ મુજબ પણ પાંચ વર્ષ સુધી અપાયેલી રકમ વ્યાજની ઉમેરીએ તો રૂા.૩,૯૦૦ કરોડ કરતા આંકડો અનેકગણો મોટો થાય છે તે વસુલ કરવા પણ સરકારનાં મંત્રી કેમ તૈયાર નથી ? ગુજરાત સરકારનાં મંત્રી એવી પણ સ્પષ્ટતા કરતા નથી કે જયારે કોઈપણ બિલોનાં આધાર વગર ઉંચી કિંમતનાં પૈસા ચુકવી દેવામાં આવ્યા ત્યારે જે વ્યકિત GUVNL માં ડાયરેકટ (ફાયનાન્સ) હતા તે આજે અદાણીની કંપનીમાં CEO તરીકે છે તે વાત ખરી છે. ? અને જો આ વાત સત્ય હોય તો આ બાબતમાં સરકાર શું પગલા ભરવા માંગે છે? તે પણ સરકાર જણાવે, બોગસ માંગણીઓ બિલો આપ્યા વગર કે ARGUS ના ભાવ ધ્યાને લીધા વગર સરકાર ખાનગી કંપનીને પૈસાની લુંટ કરવાની છુટ આપે તો આખરે ગુજરાત રાજયનાં અનેક વીજળી ઉપયોગ કરતા ગુજરાતીઓનાં માથે કરોડો રૂપિયાનું ભારણ આવશે તે અંગે સરકાર કેમ ચુપ છે ? છેલ્લે એટલું જ જણાવવાનું છે કે જયારે સરકારનાં પોતાનાં જ પરિપત્રને સ્પષ્ટ ધ્યાને લઈએ તો સમગ્ર કેસ એ મની લોન્ડરીંગનો કેસ થાય છે અને ત્યારે આ પ્રકારનાં ભયમુકત ભ્રષ્ટાચારનો એજન્ડા લઈને ભાજપ ચાલી રહી છે અને માનીતા ઉદ્યોગપતિઓને પ્રજાનાં ઉપર ભારણ નાંખીને કરોડો રૂપિયાનો ફાયદો કરાવે છે. તે અંગે યોગ્ય તપાસ શા માટે નહીં ?.

## અમરેલીનાં આંકડીયા ગામે કોપર વાયર સહિતનાં મુદ્દામાલની ચોરીનો ભેદ ખુલ્યો



અમરેલી, તા. ૨૮

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ કોપર વાયર, મોબાઈલ તેમજ મોટરસાયકલ ચોરીનાં અનડિટેકટ ગુન્હાઓ ડીટેકટ કરી આરોપીઓને શોધી કાઢી તેઓની પાસેથીઅ ગુન્હામાં ગયેલ તમામ મુદ્દામાલ રીકવર કરતી અમરેલી રૂરલ પોલીસ ટીમ.

એક માસ પહેલા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં તાબાનાં આંકડિયા ગામે ચોરી થયેલ કોપર વાયર, મોબાઈલ તેમજ મોટર સાયકલની ચોરીનાં ગુન્હાઓનાં આરોપી અજયભાઈ કિશોરભાઈ સોલંકી રહે. રાજકોટ (મુળ કેરીયાનાગસ તા.જી. અમરેલી) તથા અનિલભાઈ ભનુભાઈ સોલંકી રહે. રાજકોટ (મુળ જર તા.ધારી) શોધી કાઢી, તેઓ પાસેથી ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ રીકવર કરી, અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરવામાં આવેલ.

## અમરેલીમાં આગામી ૩૧ ઓગષ્ટનાં રોજ જિલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી. કવીઝ

અમરેલી, તા. ૨૮

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી(ગુજકોસ્ટ) ડી.એસ.ટી. ગર્વમેન્ટ ઓફ ગુજરાતની સૂચના એવમ માર્ગદર્શન અનુસાર ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન, અમરેલી દ્વારા જિલ્લા કક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી. કવીઝ અને નેશનલ સાયન્સ સેમીનાર તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૩નાં રોજ સવારનાં ૮:૩૦ કલાકે મહાજન પાર્ટી પ્લોટ, સ્ટેશન રોડ, રેલ્વે સ્ટેશનની બાજુમાં, અમરેલી ખાતે પ્રારંભ થશે.

જેમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીઓને સહભાગી થવા અનુરોધ કરાયો છે. નેશનલ રૂરલ આઈ.ટી. કવીઝમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી અન્વયેનાં ઓબ્ઝેકટીવ પ્રશ્નો પૂછાનાર છે. જયારે નેશનલ સાયન્સ સેમિનારમાં વિદ્યાર્થીઓએ "Millets- A super Food OR a Diet Fad" મુખ્ય વિષય ઉપર છ મિનિટનું પ્રેજન્ટેશન, પી.પી.ટી તથા ચાર્ટસ સાથે પોતાનું કૌવત પ્રદાન કરી શકશે.

સંસ્થાનાં મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા તથા ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવેલ છે.

### અમરેલીથી સુરત જતાં પેસેન્જરોને ભારે હાલાકી વેઠવી પડી

## અમરેલીથી સુરત જતું એર કનેકટનું વિમાન દોઢ કલાક મોડું ઉપડયું


### પિક અપ તેમજ ડ્રોપ કરવા આવતા લોકો માટે બેસવાની અસુવિધાથી પરેશાની

અમરેલી, તા. ૨૮

અમરેલી થી સુરત તેમજ સુરત થી અમરેલી વચ્ચે આવન જાવન કરતું એર કનેકટનું ૯ સિટર વિમાન આજે ૨૭/૮/૨૩ ના રોજ દોઢ કલાક ડીલે થતા પેસેન્જરો રાહ જોઈ જોઈને અકળાઈ ઉઠયા હતાં. જોકે એર કનેકટ વિમાન સેવા અમરેલી – સુરત વચ્ચે મુસાફરી માટે આશીર્વાદરૂપ છે. પરંતુ આજે વિમાનનાં ડેઈલી સમય કરતા દોઢ કલાક મોડું ઉપાડયું હતું. સુરતથી ૧૦:૩૦ કલાકે ઉપડી અમરેલી ૧૧:૧૫ કલાકે પહોંચે છે. પરંતુ આજે રવિવારની ફલાઈટ અમરેલી થી સુરત જવા બપોરે ૧:૩૦ કલાકે ઉપડતા અઢી કલાક અગાઉ એરપોર્ટમાં બોર્ડિંગ કરાવી ચૂકેલા પેસેન્જરો અકળાઈ ઉઠયા હતા. જોકે ફલાઈટ મેનેજમેન્ટને



અગાઉથી ખ્યાલ હતો કે ફલાઈ લેટ થવાની છે. એટલે આગલા દિવસે શનિવારે સાંજે કોલ મારફત પેસેન્જરને જાણ કરવામાં આવી હતી કે આવતીકાલની ફલાઈટ અડધો કલાક ડિલે થશે. પણ અડધી કલાકનાં બદલે ફલાઈટ ૧:૩૦ કલાકે ઉડાન ભરી એટલે કે દોઢ કલાક વિમાન મોડું ઉપાડતા પેસેન્જરો અને પિક અપ તેમજ ડ્રોપ માટે આવેલા લોકો પણ અકળાયા હતાં. અમરેલી એરપોર્ટ પર પેસેન્જરને ડ્રોપ કે પિક અપ માટે આવતા લોકોને બેસવાની કોઈ સુવિધા નહિ હોવાના અભાવે લોકોને થોડી ઘણી હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.



# અમરેલી ખાતે ઈનર વ્હીલ કલબ દ્વારા વિવિધ કાર્યો યોજાયા







તારીખ ૨૫ ઓગસ્ટનાં રોજ ડિસ્ટ્રિકટ ચેરમેન ડો.તેજલ દેસાઈ તેમજ ડિસ્ટ્રિકટ સેક્રેટરી જયશ્રી અમીપરા કલબની ઓફિસિયલ વિઝીટ માટે પધારેલ અવધ રેસિડેન્સીમાં તેમનું ફૂલોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. એકિઝકયુટિવ મીટીંગમાં તેમણે કલબનું રેકોર્ડ તપાસી કલબનાં કાર્યને ખૂબજ બિરદાવ્યું હતું. બીજા દિવસે તારીખ ૨૬ ઓગસ્ટનાં રોજ તેમના હાથે ત્રણ પ્રોજેકટ કરવામાં આવ્યા. ૧. અવધ રેસિડેન્સીમાં ઘર લાઈબ્રેરીનું ઉદ્દ્ઘાટન. ૨. ચિતલ રોડ પર ડેમ પાસે વેલકમ બોર્ડનું ઉદ્દ્ઘાટન. ૩. બાલવાત્સલ્ય કેન્દ્રમાં બાળકોને સુવર્ણપ્રાશનનાં ડ્રોપ્સ આપવામાં આવ્યા. ત્યારબાદ ઠાકર થાળ હોટેલમાં કલબની જનરલ મીટીંગમાં કલબ દ્વારા કરેલ તમામ પ્રોજેકટનું નિદર્શન કરવામાં આવ્યું તેમજ હેમાંગીનીબેન દ્વારા બનાવેલ સુંદર બુલેટિનનું વિમોચન કરવામાં આવ્યું ડિસ્ટ્રિકટ ચેરમેન તેમજ ડીસ્ટ્રીક સેક્રેટરી દ્વારા કલબને ખુબ જ સરસ અને સરળ માર્ગદર્શન આપવામાં આવ્યું. બધા જ મેમ્બર્સ ઉત્સાહભેર પ્રોજેકટમાં તેમજ સી.ઓ.વી.માં હાજર રહ્યા એકિઝકયુટિવ કમિટીના દરેક સભ્યો દ્વારા ખૂબ જ મહેનત કરવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સેક્રેટરી જાનકી અટારા તેમજ વાઈસ પ્રેસિડેન્ટ મિલી ઠાકરે જહેમત ઉઠાવેલ છે. એવું પ્રેસિડેન્ટ નયના આચાર્યની યાદીમાં જણાવવામાં આવે છે.

## પાંચ ટ્રીલીયનની જીડીપીની ગુલબાંગો વચ્ચે નેશનલ હાઈવે વિભાગનો બચાવ

# સાવરકુંડલાનાં બાયપાસને નાણાનાં અભાવે રીપેર કરી શકાતો નથી

**મહામુસીબતે બનેલ બાયપાસ માર્ગ બન્યાને ગણતરીનાં દિવસોમાં જ બિસ્માર બની જતાં વાહનચાલકો પરેશાન**

**ભ્રષ્ટાચાર નામની બલ્લાએ સૌ કોઈને ઝપટમાં લીધા હોય યોગ્ય રીતે વિકાસકાર્યો થતાં જ નથી**

**ભ્રષ્ટ બાબુઓ અને બેઈમાન નેતાઓનાં પાપે નિર્દોષ જનતાને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે**

**બિસ્માર માર્ગનાં કારણે કોઈને ગંભીર અકસ્માત નડશે તો હાઈકોર્ટમાં જવાની પણ ચીમકી આપવામાં આવી**



**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૨૮

તાજેતરમાં ઉદ્‌ઘાટીત થયેલા સાવરકુંડલા બાયપાસ ઉપરથી ખૂબ જ મોટી સંખ્યામાં હેવી લોડેડ કન્ટેનરો પસાર થાય છે. આ અમરેલી, પીપાવાવ પોર્ટ, કોવાયા, રાજુલા, જાફરાબાદ, મહુવા તરફ જતા બાયપાસની હાલત અત્યંત દયનિય છે. આ રોડ હેવી વીહીકલ માટે જ ખાસ બનેલો છે એટલે સ્વાભાવિક રીતે તેની સ્ટ્રકચર ડિઝાઈન એ પ્રમાણેની મજબૂત બેઈઝવાળી જ હોય. પરંતુ ફકત કાગળ ઉપર જ લાગે છે વાસ્તવિક નહીં એટલે અમુક અમુક જગ્યાએ ગોળના ભીલાની જેમ ડામર સહિતના રોડનું મટીરીયલ બંને સાઈડમાં ઢગલા થઈ ગયેલ દેખાય છે. જયારે જયારે મીડિયામાં અહેવાલો ચમકે એટલે અધિકારીઓ દોડીને કાંકરી કે કપચા કે માટીથી બુરી નાખે. બે દિવસ થાય એટલે ત્યાંથી તમામ મટીરીયલ ખસી રોડની સાઈડમાં ચાલી જાય અને ખાડો હતો ત્યાં ને ત્યાં. ખરેખર તો આવી પહોંચી નરમ જગ્યાઓ સિલેક્ટ કરી ત્યાં ત્રણેક ફૂટ ખોદકામ કરી અંદર મોટા પથ્થરો નાખી રોડ રોલર કે હવે તો આધુનિક પ્રેશરવાળા આવે છે તેનાથી પ્રેસ કરી ઉપરથી ડામર નાખવો જોઈએ તો જ લાંબો સમય ટકે. હવે આ વાત આપણને ખબર પડતી હોય તો જેમણે આ માટે સ્પેશિયલ અભ્યાસ કરેલો છે એવા સિવિલ એન્જિનિયર કક્ષાના અધિકારીઓને કેમ સમજાતું નહીં હોય..! અત્યાર સુધી આ બાયપાસ સ્ટેટ હાઈવે હેઠળ આવતો હતો હવે આ બાયપાસ નેશનલ હાઈવે ઓથોરિટીને સોંપવામાં આવ્યો છે. ત્યારે આ બાબતે અમરેલી સ્થિત સેકશન ઓફિસર નેશનલ હાઈવે ઓથોરિટીની સાથે વાત કરતા એમણે એવું જણાવ્યું કે, હાલ ડામરના પ્લાન્ટ

અનુસંધાન પાના ૬ ઉપર

## ભાઈ–બહેનનાં અતુટ બંધનમાં પણ મોંઘવારી વિલન બન્યું

# અમરેલીની રાખડી બજારમાં મોંઘવારીનાં લીધે મંદીનો મહોલ : વેપારીઓ નવરાધુપ બન્યા

## ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની બહેનો આર્થિક મુશ્કેલીમાં

અમરેલી, તા. ૨૮

હિંદુ ધર્મમાં શ્રાવણ માસનો ખુબ મહિમાં છે. સાથો સાથ શ્રાવણ માસને તહેવારનો મહિનો ગણવામાં આવે છે. જેમાં ભગવાન કૃષ્ણનાં જન્મથી લઈ ભાઈ બહેનનાં પ્રેમનાં પ્રતિક સમા રક્ષાબંધનનાં તહેવારનું પણ તેટલું જ મહત્વ છે. ત્યારે આગામી તા.૩૦ના રોજ રક્ષાબંધનનાં તહેવારને લઈ અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં રાખડીનાં વેચાણ કરતા સ્ટોલ ઠેર ઠેર ઉભા થયાં છે. જયાં રૂપિયા પાંચથી લઈ ચાંદીની કિંમતી રાખડીઓનું પણ વેંચાણ થઈ રહયું છે. ત્યારે છેલ્લાં પંદર દિવસમાં અમરેલી જિલ્લામાં લગભગ ત્રણેક કરોડ ઉપરનું રાખડીનું વેંચાણ થયાનું અનુમાન થઈ રહયું છે. જયારે રક્ષા બંધનના તહેવાર હવે ગણતરીનાં કલાકો બાકી છે તેમ છતાં પણ રાખડીનાં

અનુસંધાન પાના ૬ ઉપર



## વડલીવાળી મેલડીમાંને શિવજીનો શણગાર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા પવિત્ર શ્રાવણ માસમાં વડલીવાળી મેલડીમાંને શિવજીનો અનુપમ શણગાર કરાયો. માતાજીનાં ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા માતાજીને દિવ્ય શણગાર કરવામાં આવતા ભાવિકોએ દર્શનનો લ્હાવો મેળવી ધન્યતા અનુભવી.

LG
5 વધારાના ફાયદા સાથે સૌથી સસ્તાની ગેરંટી*
LG OLED
મફત વિમો ૧ વર્ષ માટે On LG Products
22.5%
Combo Offers
તાત્કાલીક DELIVERY
REFER OFFER
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77
*Conditions apply

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
મનુષ્ય 5 ગુણોને લીધે મહાન બને છે.
શિક્ષણ, ઈમાનદારી, ચરિત્ર,
અનુભવ અને સમર્પણ.
લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 97237 99091
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)